પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૬૩ • કુલ પાના : ૪ • તારીખ : ૦૨-૦૭-૨૦૨૨ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## બોરસદમાં આભ ફાટ્યું : મધરાતે તોફાની પવન સાથે ૧૧ ઈંચ વરસાદ થતા જળબંબાકાર

ગાંધીનગર,

ગુજરાત રાજયના આણંદ જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો છે. આણંદ જિલ્લામાં વીતી મધરાતે મેહુલીયાએ જમાવટ કરી હતી.બોરસદ અને આંકલાવમાં અષાઢી મેઘે મહેર વર્ષાવી હતી. બોરસદમાં ૮ કલાક ૧૧ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો.

આણંદના બોરસદમાં જાણે આભ ફાટ્યું હોય તેમ પરિસ્થિતિ વણસી હતી. સમગ્ર નગરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. બોરસદમાં વરસાદે તોફાની બેટીંગ કરી હતી, ફક્ત ૪ કલાકમાં ૧૧ ઈંચ વરસાદ ખાબકતા રસ્તા પર નદીઓ વહેવા લાગી હતી. ૧૧ પશુઓના મોત નિપજ્યા હતા, અને એક વ્યક્તિનું પણ મોત નિપજ્યું હતું. ભારે વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. તારાજી સર્જાઈ હોય તેવા દ્રશ્યો પણ સામે આવ્યા હતા.આણંદ જીલ્લાના આંકળાવમાં ૭૮ એમએમ, આણંદ ૨૮એમએમ, ઉમરેઠ ૨૧એમએમ, ખંભાત ૨૬.એમએમ, તારાપુર ૪૨ એમએમ, પેટલાદ ૪૨એમએમ, બોરસદ ૨૮૨.એમએમ, સોજીત્રા ૬૪એમએમ ભારે વરસાદથી ઠેરઠેર પાણી ભરાયા હતા. લોકોના ઘર આંગણે પાણી ભરાઈ જતા બહાર નીકળવા મુશ્કેલી ઉભી થઈ હતી. આણંદ સહિત ઉમરેઠ, ખંભાત, તારાપુર, પેટલાદ,





સોજીત્રામાં પણ ધોધમાર વરસાદ ખાબક્યો હતો.

દરમિયાન રાજયમાં હવામાન વિભાગની વરસાદની આગાહી કરી છે. દક્ષિણ ગુજરાતમાં તો ભારે વરસાદની આગાહી કરી છે. રાજયના વિવિધ જીલ્લામાં વરસાદ વરસી રહ્યો છે. સુરત જિલ્લો, આણંદ જીલ્લો, માંડવી પંથકમાં વરસાદ સુરત જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વિવિધ તાલુકામાં વરસાદ ખાબક્યો હતો. સુરતના બારડોલી, કામરેજ, મહુવા, ઉમરપાડા, ચોર્યાસી, ઓલપાડ, માંડવી, માંગરોળમાં વરસાદ નોંધાયો હતો. સુરતના વરાછામાં ૧૨ કલાકમાં ૧૧ ઈંચ વરસાદ ખાબકતા માર્ગો પર પાણી ફરી વળ્યું, તો શહેરમાં પાંચ ઈંચ વરસાદ વરસતા મીઠી ખાડી ભયજનક સપાટીએ પહોંચી છે.

સુરતના કામરેજ તાલુકામાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. ૨૪ કલાકમાં ૮ ઈંચ વરસાદ ખાબક્યો હતો. ભારે વરસાદથી નેશનલ હાઈવેના સર્વિસ રોડ પર પાણી ભરાયા હતા. જેના કારણે વાહન વ્યવહાર માટે રસ્તો બંધ કરવામાં આવ્યો હતો. ઓલપાડમાં વરસાદી માહોલથી મુખ્ય બજારમાં પણ પાણી ભરાયા હતા. માંડવી તાલુકાના મુજલાવ,,વાવીયા ખાડી પર પાણી ફરી વળ્યાં હતા. ભારે વરસાદ વરસતા પાણી ફરી વળતા લોકોને માંડવી તરફ ૧૫ થી ૨૦ કીમિનો ફેરવો કરવાની ફરજ પડી હતી. બ્રિજ પાણીમાં ગરકાવ થતાં મુજલાવ-બોધાન જવા માટેનો રસ્તો થયો બંધ.

વલસાડ જિલ્લામાં સરેરાશ ૩.૬ ઈંચ વરસાદ પડતા ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા હતા. સૌથી વધુ વલસાડમાં ૮ ઈંચ વરસાદ પડતા જનજીવન પ્રભાવિત બન્યું હતું. વલસાડના મોગરાવાડી અને છીપવાડ ગરનાળું પાણીથી ભરાઈ જતા ૪૦ ગામોના લોકોને અસર થઈ હતી. સુરત જિલ્લાના ઉમરપાડામાં છ કલાકમાં ૬.૫ ઈંચ વરસાદ વરસ્યો હતો.

## સરકારે પેટ્રોલ અને ATFના એક્સપોર્ટ પર ૬ રૂપિયા પ્રતિ લિટરની એક્સાઈજ ડ્યુટીમાં વધારો કયો

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે એટીએફ અને પેટ્રોલ ડીઝલના એક્સપોર્ટ પર એક્સાઈજ ડ્યુટી વધારવાનો નિર્ણય કર્યો છે. પેટ્રોલ પર ૬ રૂપિયા અને પ્રતિ લિટર અને ડીઝલ પર ૧૩ રૂપિયા પ્રતિ લિટર જેટલો એક્સાઈજ ડ્યુટીમાં વધારો કર્યો છે. ત્યાં જ એટીએફના એક્સપોર્ટ પર ૬ રૂપિયા પ્રતિ લિટર સેન્ટ્રલ એક્સપોર્ટ એક્સાઈજ ડ્યુટી વધારી છે.

સરકારે પેટ્રોલ અને એટીએફના એક્સપોર્ટ પર ૬ રૂપિયા પ્રતિ લિટરની એક્સાઈજ ડ્યુટીમાં વધારો કર્યો છે. ત્યાં જ ડીઝલના એક્સપોર્ટ પર ૧૩ રૂપિયા એક્સાઈજ ડ્યુટી લગાવવામાં આવી છે. વિત્ત મંત્રાલય તરફથી આ વાતની જાહેરાત કરવામાં આવી છે. એ સિવાય સરકારે ડોમેસ્ટિક લેવલ પર પુનઃ ઉત્પાદિક કાચા તેલ પર ૨૩,૨૫૦ રૂપિયા પ્રતિ ટનનું ટેક્સ લગાવ્યું છે. સરકારે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમત વધ્યા બાદ ઓયલ પ્રોડ્યુસર્સનવ થનાર અતિરેક્ત ફાયદા પર રોક લગાવવા માટે ડોમેસ્ટિક લેવલ પર પુનઃ ઉત્પાદિક કાચા તેલ પર ૨૩,૨૫૦ રૂપિયા પ્રતિ ટનનો ટેક્સ લગાવવાનો મોટો નિર્ણય કર્યો છે.

જો કે સામાન્ય માણસ પર આ એક્સાઈજ ડ્યુટીનો સીધો કોઈ જ અસર નહીં થાય પણ આખા દેશમાં ઓઈલ સંકટ ન થાય એ માટે સરકારે આ પગલું ઉઠાવ્યુ છે. આ ઓઈલ કંપનીઓ ડોમેસ્ટિક લેવલ પર કાચું તેલ ઈમ્પોર્ટ કરીને તેને રિફાઈન કરી વિદેશી બજારમાં એક્સપોર્ટ કરી રહી હતી, જેના કારણે રિફાઈન ઓઈલનું એક્પોર્ટ ઘણા પ્રમાણમાં વધી ગયું હતુ અને એ ઘટાડવા માટે અને દેશને તેલ સંકટથી બચાવવા માટે સરકારે આ પગલું ભર્યુ છે. પેટ્રોલ- ડીઝલના એક્સપોર્ટ પર એક્સાઈજ ડ્યુટી વધવા પર સામાન્ય માણસના ખિસ્સા પર કોઈ અસર નહી પડે પણ વધુ પડતાં એક્પોર્ટ પર રોક જરૂરથી લાગશે. જોકે આ વધુ પડતાં એક્સપોર્ટને કારણે દેશના અનેક જિલ્લામાં તેલ સંકટ જોવા મળી રહ્યું હતું પણ હવે એકપોર્ટ મોંઘું થવા પર આ સંકટને રોકી શકાય છે.

જો કે આ એક્સાઈજ ડ્યુટી સામાન્ય એક્સાઈજ ડ્યુટી નથી અને તેનો અસર પેટ્રોલ- ડીઝલની કિંમત પર નહી પડે. એક્પોર્ટ ઓછું થવા પર કંપનીના નફામાં ઘણો ઘટાડો થશે. આ નિર્ણયને કારણે આજે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના શેરમાં ઘણી ગિરાવટ જોવા મળી રહી છે.

## PM મોદીએ કચ્છીઓને નવા વર્ષની શુભકામનાઓ આપી

ભુજ,

કચ્છી નવા વર્ષ તરીકે, દેશના ખુણેખુણે વિસ્તરેલા કચ્છીઓ માટે આ દિવસ ખુબ મોટો છે. 'કચ્છી નયે વરે - અષાઢી બીજ જો મેડે કચ્છી ભા ભેણે કે લખ લખ વધાઈયુ...' સાથે કચ્છીઓ એકબીજાને આ દિવસે નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે. પીએમ મોદીએ કચ્છીઓને નવા વર્ષની શુભકામનાઓ આપી છે. અષાઢી બીજે કચ્છીઓનું નવું વર્ષ છે. પીએમ મોદીએ ટ્વીટ કરીને કહ્યુ કે, મેઠડો પાંજો મલક , ને મેઠડી પાંજી બુલી, એનીથીય મેઠડા કચ્છી માંડું, હી જ પાંજી હૂંભ, ને ઈ જ પાંજી ડિયારી! જન્મેં ને કર્મેં સે કચ્છી એડા મેણી કચ્છી ભેણે ને ભાવરેં કે... કચ્છી નયે વરેજી લખ લખ વધાઈયું. બીજી ટ્વીટમાં તેમણે લખ્યુ કે,



દરેકને, ખાસ કરીને વિશ્વભરમાં ફેલાયેલા જીવંત કચ્છી સમુદાયને, અષાઢી બીજના શુભ અવસર પર શુભેચ્છાઓ. આ આવતું વર્ષ દરેકના જીવનમાં શાંતિ, સુખ અને સારું સ્વાસ્થ્ય લઈને આવે તેવી પ્રાર્થના. જામ રાયધણજીના કચ્છ વિજય સાથે જોડાયેલા ઈતિહાસની પુંજાજી ચાવડાના શાસન સમયે જામ રાયધણજીએ તેમની પાસેથી શાસન લીધું અને ગુરૂ ગોરખનાથે તેમને અષાઢી બીજના દિવસે ગુરૂમંત્ર આપ્યો હોવાથી આ દિવસને નવા વર્ષ તરીકે ઉજવવાનું નક્કી થયું. જોકે તેની કથામાં પણ વરસાદની વાત છે. જોકે તે માત્ર ઈતિહાસ છે. પરંતુ ત્યાર બાદના રાજવીઓ ભુજની સ્થાપના સમયથી આ દિવસને નવા વર્ષ તરીકે મનાવે છે. આ તો ઈતિહાસના પાનાં પર લખાયેલુ છે. તો કેટલાક ઈતિહાસકારો આ નવા વર્ષની ઉજવણીની પરંપરાને તેનાથી પણ જુની ગણાવે છે. દેશવટો ભોગવી કચ્છના કુશળ શાસક લાખો ફુલાણી દેશવટો ભોગવી કચ્છ પરત ફર્યા અને તે દિવસે કચ્છમાં મનભરીને વરસાદ વરસ્યો અને તરસ્યા કચ્છના લોકો આંનદિત થઈ આ દિવસને નવા વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ. તેના પણ ઈતિહાસમાં કેટલાક દાખલા છે.

## મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાત કરી : અનેક મુદ્દા પર ચર્ચા

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાત કરી છે. બંને નેતાઓએ આ દરમિયાન દ્વપક્ષીય વેપાર અને અલગ અલગ વૈશ્વિક મુદ્દા પર ચર્ચા કરી હતી. સાથે પુતિનની ભારત યાત્રા દરમિયાન લેવામાં આવેલા નિર્ણયોની પણ સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત પીએમ મોદીએ વાતચીત દરમિયાન યુક્રેનમાં હાલની સ્થિતિ સંબંધિત વાતચીતે અને કૂટનીતિના પક્ષમાં પણ ભારત સાથે લાંબા સમયથી ચાલ્યા આવતા વલણને વાગોળ્યું હતું.

આપને જણાવી દઈએ કે, ગત વર્ષે ડિસેમ્બરમાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ભારત આવ્યા હતા. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રશિયાના





રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે બંને દેશોને લઈને સદીઓ જૂના સંબંધો માટે પહેલા ૨ ૨ મંત્રીસ્તરીય વાત થઈ હતી. પીએમ મોદીએ કહ્યું હતું કે, છેલ્લા કેટલાક દાયકામાં કેટલાય મૂળભૂત પરિવર્તન જોવા મળ્યા હતા અને અલગ અલગ પ્રકારે ભૂ રાજનીતિક સમીકરણ ઉભર્યા, પણ ભારત અને રશિયાની મિત્રતા સ્થિર રહી. ભારત અને રશિયાની વચ્ચે સંબંધ વાસ્તવમાં આંતરરાષ્ટ્રીય મિત્રતાનો એક અનૂઠો અને વિશ્વસનિય મોડલ છે.

તો વળી રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું હતું કે, ભારત એક સમયે પરીક્ષિત સહયોગી અને એક વિશ્વ તાકાત છે. બંને દેશ એક સાથે ભવિષ્ય તરફ જોઈ રહ્યા છે. અમે ભારતને એક મહાન શક્તિ, એક મિત્ર રાષ્ટ્ર તરીકે જોઈ રહ્યા છીએ. આપણા દેશોની વચ્ચે સંબંધો ગાઢ થયા છે અને ભવિષ્ય તરફ જોઈ રહ્યા છીએ. બંને દેશ ઊર્જા ક્ષએત્ર, નવાચાર, અંતરિક્ષ અને કોરોના વાયરસ રસી અને દવાઓના ઉત્પાદન જેવા ક્ષેત્રમાં વિકાસને પ્રોત્સાહન આપવા માટે ભાગીદાર બની રહ્યા છે.

આ બેઠક પહેલા ભારત અને રશિયાએ ૨૦૨૧-૩૧ માટે સૈન્ય ટેકનિક સહયોગ વ્યવસ્થા અંતર્ગત ભારત-રશિયા રાઈફલ્સ પ્રાઈવેટ લિમિટેડના માધ્યમથી ૬૦૦,૦૦૦થી વધારે એકે-૨૦૩ અસોલ્ટ રાઈફલ્સની ખરીદી માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

## ક્રિપ્ટોકરન્સીએ એક સટ્ટો છે જેનો કોઈ આધાર નથી : રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા

મુંબઈ,

આંતરારાષ્ટ્રીય બજારમાં ક્રિપ્ટોકરન્સીના ભાવો ઉંધા માથે પટકાઈ રહ્યા છે ત્યારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ક્રિપ્ટોકરન્સીને લઈને મહત્ત્વની વાત કરી છે. રાજદના ચેરમેન શક્તિકાંત દાસે કહ્યું છે કે ક્રિપ્ટોકરન્સીએ મોટું જોખમ છે અને એક સટ્ટો જ છે જેનો કોઈ આધાર નથી.ક્રિપ્ટોકરન્સીના જોખમથી બચવા માટે પગલાં લેવાશે એમ પણ શક્તિકાંત દાસે કહ્યું છે.ક્રિપ્ટોકરન્સીમાં ભારતમાં જ મોટી સંખ્યામાં લોકો રોકાણ કરી રહ્યા છે.

ક્રિપ્ટોકરન્સી પર આરબીઆઈના દષ્ટિકોણમાં કોઈ ફેરફાર થયો નથી. સેન્ટ્રલ બેંકના ગવર્નર ડૉ. શક્તિકાંત દાસ સ્પષ્ટપણે માને છે કે ક્રિપ્ટોકરન્સી એ એક જોખમ છે.જારી કરવામાં આવેલા ફાઈનાન્શિયલ સ્ટેબિલિટી રિપોર્ટ માં તેમણે આ વાત કહી. તેમણે એ પણ સંકેત આપ્યો છે કે **RBI** દેશના નાણાકીય ક્ષેત્રને તેના દ્વારા ઉભા થયેલા જોખમમાંથી બચાવવા માટે યોગ્ય પગલાં પણ લેશે.

એવું માનવામાં આવે છે કે તાજેતરના અઠવાડિયામાં વિશ્વભરમાં ક્રિપ્ટોકરન્સીના ભાવમાં થયેલા ઘટાડાને કારણે રાજદ હવે વધુ સાવચેત રહેશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નરે ક્રિપ્ટોકરન્સીના સંદર્ભમાં કહ્યું છે કે આ એક એક સટ્ટેબાજી છે જેનો કોઈ આધાર નથી અને જે માત્ર અટકળોના આધારે સારા નામ સાથે પ્રચાર કરવામાં આવી રહી છે.

રિપોર્ટમાં આરબીઆઈએ કહ્યું છે કે ક્રિપ્ટોકરન્સીને ચલણ તરીકે ન માનવું જોઈએ કારણ કે તેની દેખરેખ રાખનાર કોઈ નથી. આ ન તો નાણાકીય અસ્કયામતો છે કે ન તો દેવાનાં સાધનો. આનાથી વિવિધ પ્રકારના જોખમો થઈ શકે છે. ભૂતકાળમાં પણ જ્યારે ખાનગી રીતે ચલણ ચલાવવાના પ્રયાસો થયા છે ત્યારે તેના ખૂબ જ ખરાબ પરિણામો જોવા મળ્યા છે.

સૌથી મોટી વાત એ છે કે ક્રિપ્ટોકરન્સી હાલના નાણાકીય માળખાની તોડફોડ કરી શકે છે. આનાથી ઘણા વિકાસશીલ દેશો માટે તેમની સાર્વભૌમ નાણાકીય નીતિ સામે પડકાર ઊભુ થવાનું જોખમ છે.

આરબીઆઈના જણાવ્યા અનુસાર, માર્ચ ૨૦૨૨માં બેક્રોની ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (એનપીએ) ઘટીને ૫.૯ ટકાના છ વર્ષના નીચલા સ્તરે આવી ગઈ છે. માર્ચ ૨૦૨૩ સુધીમાં આ વધુ ઘટીને ૫.૩ ટકા થઈ શકે છે. જોકે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ચેતવણી આપી છે કે જો મેક્રો ઈકોનોમિક સ્થિતિ વધુ ખરાબ થશે તો એનપીએ વધી શકે છે.

## કોરોનાએ ગ્રહણ લગાવ્યા બાદ બે વર્ષ પછી જગતના નાથ ભગવાનની રથયાત્રા ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થઈ

અમદાવાદ,

કોરોનાએ ગ્રહણ લગાવ્યા બાદ આજે બે વર્ષ પછી જગતના નાથ બહેન સુભદ્રાજી અને ભાઈ બળભદ્ર સાથે આજે નગરચર્યાએ નીકળ્યા હતાં શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થયા બાદ રથયાત્રા મોડી સાંજે મંદિર પરત ફરી હતી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોનાની સાવરણથી રથયાત્રાનો રસ્તો સ્વચ્છ કરીને ત્રણેય રથને ખેંચીને યાત્રાનો શુભારંભ કરાવ્યો. છે. સીએમ ભૂપેન્દ્ર પટેલે વાતચીતમાં નાગરિકોને રથયાત્રાની શુભેચ્છાઓ પાઠવી અને કહ્યું કે તમામ લોકોના સુખ શાંતિ અને સમૃદ્ધિ વધે તેવી ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ. આજે કચ્છીઓનું નવું વર્ષ હતું તો તે અવસરે પણ સીએમ શુભેચ્છા પાઠવી. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અરવિંદ કુમાર પણ ભગવાન જગન્નાથના દર્શન કરવા માટે મંદિર પહોંચ્યા હતાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એમ આર શાહે પણ ભગવાનના દર્શન કર્યા હતાં. આ અગાઉ વહેલી સવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળા આરતી કરી. ત્યારબાદ ભગવાનના નેત્રો પરથી પાટા ખોલવામાં આવ્યા હતાં સવારે ૪.૪૦ વાગે ભગવાનની આંખ પરથી પાટા ખોલવામાં આવ્યા અને ૫ વાગે ભગવાનને ખીચડી અને કોળા-ગવારના શાકનો ભોગ ધરાવવામાં આવ્યો હતો રથયાત્રા પર વરસાદના અમી છાંટણા થતા માહોલ એકદમ આનંદમય બની ગયો હતો દર્શન કરવા આવેલા લોકો એકદમ ભાવવિભોર થઈ ગયા હતાં ચારે કોર



જય રણછોડ માખણ ચોરના નારા ગૂંજી રહ્યો હતો.

રથયાત્રા જગન્નાથ મંદિરેથી નિકળી હતી અને જયારે રથ કોર્પોરેશન પહોંચ્યા હતાં ત્યારે જગન્નાથ મંદિરના મહંત દિલિપદાસજી પણ કોર્પોરેશનની દાણાપીઠ ઓફિસે પહોંચ્યા હતાં જયાં અમદાવાદના મેયર કિરિટ પરમાર, ડેપ્યુટી મેયર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, દંડક સહિતના નેતાઓ દ્વારા મહંત દિલિપદાસજીનું સ્વાગત કરવામાં આવ્યું હતું ભગવાન જગન્નાથના મોસાળ સરસપુર ખાતે રથયાત્રાને લઈને થનગનાટ જોવા મળ્યો હતો ભગવાનના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભકતો પહોંચ્યા હતાં સરસપુરમાં ભગવાન જગન્નાથનું મામેરૂ કરવામાં આવ્યું હતુ આ પ્રસંગે રણછોડ માખણચોર ના નાદ ગુંજી ઉઠયા હતાં. ભગવાન જગન્નાથ, બળભદ્રજી અને બહેન સુભદ્રાજી સરસપુર પહોંચે તે પહેલાં ભક્તોએ પાણીથી રોડ ધોઈ નાખ્યા હતાં અને સરસપુરના રસ્તાઓ સાફ કર્યા. પાણીના બેડા લઈને મહિલાઓએ રોડ ધોયા હતાં અહીં મામેરૂ ભરાયા બાદ ભકતો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી રથયાત્રામાં જોડાયેલા સૌ ભકતોએ ભોજન લીધુ હતું અને ત્યારબાદ રથયાત્રા પોતાના પારંપારિક માર્ગ પર આગળ વધી હતી. ચારેકોર હર્ષોલ્લાસનું વાતાવરણ જોવા મળ્યુ હતું ઢોલ નગારાના અવાજથી વાતાવરણ મંગળમય બની ગયું હતુ

સવારે ૫.૨૧ વાગે ભગવાન જગન્નાથને રથમાં બિરાજમાન કરવામાં આવ્યા. ત્યારબાદ બહેન સુભદ્રાને રથમાં બિરાજમાન કરાયા. અને પછી ભાઈ બળભદ્રને રથમાં બિરાજમાન કરાયા. ભગવાન જગન્નાથજીના રથનું નામ નંદીઘોષ, બહેન સુભદ્રાજીના રથનું નામ પદ્મધ્વજ અને ભાઈ બળભદ્રજીના રથનું નામ તાલધ્વજ છે.

સવારે ૩.૫૫ વાગે જગન્નાથ મંદિરના કપાટ ખુલ્યા હતાં ૧૪૫મી રથયાત્રા પૂર્વે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આદિવાસી નૃત્ય અને ઢોલ નગારાના અવાજથી વાતાવરણ એકદમ હર્ષોલ્લાસમય બની ગયું છે.

આ વખતે રથયાત્રામાં ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બળભદ્રજીના રથ ઉપરાંત ૧૦૧ સુશોભિત ટ્રકો જોડાઈ હતી આ ઉપરાંત ગજરાજ, અખાડા અને ભજનમંડળી પણ રથયાત્રામાં ચાર ચાંદ લગાવી રહ્યા છે. આ વખતે રથયાત્રામાં ૧૨ ગજરાજનો પણ જોડાયા હતાં ,જયારે ૩ બેન્ડ વાજાએ પણ રમઝટ મચાવી હતી.

ભગવાન જગન્નાથના દર્શન કરવા માટે સમગ્ર શહેર ઉમટી પડયું હતુ ટ્રકોએ આકર્ષણ જમાવ્યું હતું દેશભક્તિ અને વર્તમાન સ્થિતિની ઝાંખીઓ ટ્રકોમાં દર્શાવવામાં આવી હતી રથયાત્રા દરમિયાન જાંબુ મગ,અપર્ણા કાકડી ચોકલેટ વગેરેનો પ્રસાદ આપવામાં આવ્યો હતો ભકતો પોતાના શરીર પર ભગવાનના ટેટુ લગાવીને પહોંચ્યા હતાં. આ વખતે રથયાત્રાના બંદોબસ્તમાં ૨૫,૦૦૦ જેટલા વિવિધ રેંકના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતાં આ ઉપરાંત નભ અને જમીનથી પણ ટેક્નોલોજીના માધ્યમથી સુરક્ષા ચુસ્ત કરાઈ હતી. હેલિકોપ્ટર અને ડ્રોનથી સતત નિગરાણી થઈ રહી હતી હાઈ રિઝોલ્યુશન સીસીટીવી કેમેરાથી રથયાત્રા પર નજર રાખવામાં આવી રહી હતી અને ૪૬ ફિક્સ્ડ લોકેશન તથા અન્ય મૂવિંગ બંદોબસ્ત તથા વ્હિકલ માઉન્ટેડ છે. પોલીસ જવાનો સંવેદનશીલ વિસ્તારોમાં દરેક વ્યક્તિની હરકત પર બાજ નજર રાખી રહ્યા હતાં.રથયાત્રા શાંતિપૂર્ણ સંપન્ન થતા વહીવટી તંત્રે રાહતનો દમ લીધો હતો.

## ઓરિસ્સામાં પુરી સ્થિત જગન્નાથ મંદિરમાંથી પરંપરાગત રીતે રથયાત્રાનો પ્રારંભ

જગન્નાથ રથયાત્રા આજે અષાઢ મહિનાના શુક્લ પક્ષની દ્વિતીયા તિથિએ ઓરિસ્સામાં પુરી સ્થિત જગન્નાથ મંદિરમાંથી પરંપરાગત નીકળી હતી. આ ભવ્ય યાત્રામાં ભાગ લેવા માટે દેશ દુનિયાભરમાંથી શ્રદ્ધાળુઓ પહોંચ્યા છે. જોકે,રથયાત્રાનો ઉત્સવ પુરીમાં ૧૨ જુલાઈ સુધી ચાલશે. આ રથયાત્રામાં ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રની સાથે ત્રણેય ભવ્ય રથોમાં સવાર થઈને નીકળી પડ્યા હતાં છે.

દર વર્ષે ભગવાન જગન્નાથ ૩ કિલોમીટર લાંબી યાત્રા કરીને પોતાના માસી ગુંડિચાના ઘરે એટલે કે ગુંડિચા મંદિર જાય છે. તેના બાદ તેઓ ૭ દિવસ સુધી વિશ્રામ કરે છે અને ફરીથી જગન્નાથ મંદિર આવે છે. ૩ કિલોમીટર લાંબી આ ભવ્ય યાત્રા માટે અનેક



મહિનાઓથી તૈયારીઓ શરૂ થઈ જતી હોય છે.

જગન્નાથ રથયાત્રામાં ઉપયોગમાં લેવાનાર ત્રણેય રથ ખાસ હોય છે. આ ત્રણેય રથમાં ન તો કોઈ ધાતુનો ઉપયોગ થાય છે, ન તો તેમાં એક પણ કિલ્લો ઠોકવામાં આવે છે. રથના રંગ અનુસાર લાકડાની પસંદગી કરવામાં આવે છે. જેમ ભગવાન જગન્નાથ માટે ગાઢ રંગના લીમડાનું લાકડુ અને તેમના ભાઈ-બહેન માટે હળવા રંગના લીમડાની લાકડીનો ઉપયોગ કરાય છે.

રથયાત્રા શરૂ કરતા પહેલા ભગવાનની સાથે સાથે ત્રણેય રથોની વિશેષ પૂજા અર્ચના કરવામા આવે છે. તેના બાદ જ્યારે રથયાત્રા કાઢવામાં આવે છે, તો યાત્રામાં રસ્તો સોનાની ઝાડુથી સાફ કરવામાં આવે છે. આ પરંપરા જોવા માટે દુનિયાભરમાંથી લોકો અહી પહોંચે છે.

## ભારતના સૌથી મોટા ફલોટિંગ સોલર પ્લાન્ટની સફળ શરૂઆત

નવીદિલ્હી,

ભારત તેની અવનવી તકનીક અને અજબ-ગજબ રીતને કારણે જગવિખ્યાત છે. ભારતની સૌથી મોટી ઈન્ટીગ્રેટેડ એનર્જી કંપની, એનટીપીસી લિમિટેડે દેશનો સૌથી મોટો તરતો સોલર પાવર પ્લાન્ટ શરૂ કર્યો છે. કંપનીએ ૧૦૦ મેગાવોટ રામાગુંડમ ફ્લોટિંગ સોલર પીવી પ્રોજેક્ટમાંથી ૨૦ મેગાવોટની ક્ષમતાની સીઓડી જાહેર કરી છે એટલેકે સૌર ઉર્જા ઉત્પાદન એકમમાંથી ઉત્પાદનની શરૂઆત થઈ છે.

રામાગુંડમ ફ્લોટિંગ સોલર પીવી પ્રોજેક્ટ એનટીપીસી દ્વારા શરૂ કરાયેલ ભારતનો સૌથી મોટો ફ્લોટિંગ સોલર પ્લાન્ટ છે. સફળતાપૂર્વક શરૂઆત સાથે રામાગુંડમ, તેલંગણા ખાતે ૧૦૦ મેગાવોટ રામાગુંડમ ફ્લોટિંગ સોલર પીવી પ્રોજેક્ટમાંથી



૨૦ મેગાવોટની છેલ્લી ભાગની ક્ષમતા સાથે કોમર્શિયલ ઉત્પાદન શરૂ કર્યું છે. ૧લી જુલાઈથી આ પાવર પ્લાન્ટમાંથી પ્રોડક્શન શરૂ થયું છે.

એનટીપીસીની કુલ ઈન્સ્ટોલેશન કેપિસીટી ૬૯,૧૩૪.૨૦ મેગાવોટ છે, જેમાં ૨૩ કોલસા આધારિત, ૭ ગેસ આધારિત, ૧ હાઈડ્રો, ૧૯ રીન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટ છે. કંપનીની સંયુક્ત સાહસ હેઠળ એનટીપીસી પાસે ૯ કોલસા આધારિત, ૪ ગેસ આધારિત, ૮ હાઈડ્રો અને ૫ રીન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટ પણ છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# કોઠંબા ખાતે રાજય મંત્રી નિમિષાબેન સુથારના હસ્તે રૂ.૨.૫૨ કરોડના ખર્ચે બનેલ સામુહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયું


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આંતરરાષ્ટ્રીય ડોક્ટર દિવસ નિમિત્તે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સામુહિક આરોગ્ય કેન્દ્ર કોઠંબાનું આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથાર અને મહાનુભાવોના હસ્તે લોકાર્પણ કરાયું. દર્દીઓને તમામ પ્રકારની આરોગ્ય લક્ષી સેવાઓ મળી રહે પ્રજા આરોગ્ય અને નિરોગી રહે અને દીર્ઘાયુ બને તે હેતુથી કોઠબા ખાતે રૂ.૨.૫૨ કરોડના ખર્ચે સામુહિક આરોગ્ય કેન્દ્ર બનાવવામાં આવ્યું છે.

આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથારે જણાવ્યું કે, સામાન્ય નાગરીકોને આરોગ્ય સુવિધાની ચિંતા રાજ્ય સરકાર કરે છે. નાનામાં નાના વિસ્તારથી આવતા લોકો માટે સામુહિક આરોગ્ય કેન્દ્ર આશિર્વાદ રૂપ બન્યું છે.

વધુમાં મંત્રી નિમિષાબેને જણાવ્યું કે, ખેડૂત, મજૂરો, અને મધ્યમવર્ગના લોકો મોટી પ્રાઈવેટ હોસ્પિટલમાં જઈ ઈલાજ કરી શકતા નથી તેથી રાજ્ય સરકાર દ્વારા નજીકના આરોગ્ય કેન્દ્રમાં મફત નિદાન થઇ જાય છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત જરૂરીયાત મંદ નાગરીકો અને ખેડૂતોને પાંચ લાખ સુધીની મફત સારવાર આપવામાં આવે છે. જેથી તેઓ કેન્સર, હૃદયરોગ જેવી મોટી બીમારીની મફત સારવાર મેળવી શકે છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે ખેડૂતો અને મહિલાઓની ચિંતા કરી છે. અને અનેક યોજનાઓ થકી તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવ્યા છે.

વધુમાં તેમને જણાવ્યું કે, મહીસાગર જિલ્લામાં ડિસ્ટ્રીકટ, સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ, સી.એચ.સી તેમજ અન્ય હોસ્પિટલ મળી કુલ આઠ જગ્યાએ મેડિકલ ઓક્સિજન પી.એસ.એ પ્લાન્ટ ઉપલબ્ધ છે. તેની ક્ષમતા કુલ ૨૪૫૮ એલ.પી.એમ છે.જે જરૂરિયાત વાળા દર્દીઓને ઓક્સીજન પૂરતા પ્રમાણમાં મળી રહેશે. મહીસાગર જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩ માં જૂન -૨૦૨૨ અંતિત કુલ ૪૫૧૨ લાભાર્થીઓને રૂપિયા ૧૨.૭૬ કરોડની આરોગ્યલક્ષી સારવાર આપવામાં આવેલ છે.

આ પ્રસંગે પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડે જણાવ્યું કે, ગુજરાત સરકારે છેવાડાના માનવી સુધી આરોગ્યની સુવિધા પહોંચાડવાનું કામ કર્યું છે. ગુજરાત સરકારે કોરોનાની પરિસ્થિતિમાં વૃધ્ધો અને બાળકોની ચિંતા કરી છે. મહીસાગર જિલ્લામાં અઢાર વર્ષથી વધુ ઉમર લાભાર્થીઓને પ્રથમ ડોઝના ૮૧૪૫૨૪ લક્ષ્યાક સામે કુલ ૮૩૬૩૦૯ લાભાર્થીઓને રક્ષિત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર અને લુણાવાડા ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવકે પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું.

આ કાર્યકમમાં કલેક્ટર ડો. મનીષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી, અગ્રણી દશરથસિંહ બારીયા, લુણાવાડા પ્રાંત અધિકારી, આરોગ્ય અધિકારી પરમાર, એપેડેમીક મેડીકલ ઓફીસર ડો નરેન્દ્ર ગોસાઇ, કોઠંબા સરપંચ સહિત હોસ્પીટલ સ્ટાફ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર નગરપાલિકા ભૂગર્ભ ગટરની લાઈન શરૂ કરવાની કામગીરી હાથ ધરી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરપાલિકા દ્વારા ગુજરાત રાજ્ય દ્વારા નક્કી કરવામાં આવેલી સંતરામપુર ભૂગર્ભ ગટર યોજના ૨૦૧૭ માં શરૂ કરવામાં આવેલી હતી. હવે નગરપાલિકા દ્વારા ઘરે-ઘરે હાઉસ કનેક્શન આપવાની પણ કામગીરી હાથ ધરી ગોધરા ભાગોળ વિસ્તારમાં ઘણા સમયથી મુખ્ય રસ્તા ઉપરની ગટરને નગરપાલિકાની ટીમ દ્વારા તેને આજે ખુલ્લી કરવાની કામગીરી હાથ ધરી હતી. સ્થળ ઉપર નગર પાલિકાના ચીફ ઓફિસર અને સ્ટાફ દ્વારા દિવસ પર ગટરને ખુલ્લી કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવેલી હતી. ઘણાં સમય થી આ સ્થળ ઉપર ગટર ચોક થઈ જવાના કારણે ગટરનો ગંદુ પાણી રોડ ઉપર ઉભરાતું હતું. આ વિસ્તારના દરેક ચેમ્બરો ખુલ્લા કરીને તેની સફાઈ કરવાની કામગીરી આજરોજગારી હતી. ટૂંક સમયમાં સંતરામપુર નગરમાં દરેક વિસ્તારમાં હાઉસ કનેક્શન આપીને ભૂગર્ભ ગટર યોજનાનો સંતરામપુર વાસીઓને નામ આપવામાં આવશે અને ખુલ્લી ગટરો બંધ કરી દેવામાં આવશે.


ભારતીય જનતા પાર્ટી લુણાવાડાનગર દ્વારા વેદાંત કોલેજ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. લુણાવાડા વિધાનસભા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક,મહીસાગર જિલ્લા પૂર્વ પ્રમુખ જે.પી. પટેલ, પૂર્વ મહામંત્રી મુળજીભાઈ, લુણાવાડા નગર પ્રમુખ હિમાંશુભાઈ શાહ, મહામંત્રી મિહિરભાઈ શાહ, યોગેશ ભોઈ, લુણાવાડા કોર્પોરેટર અને નગરની ટીમ અને મોરચાના હોદ્દેદારો સહીત મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વૃક્ષારોપણ ઈન્ચાર્જ અમિત ધોબી અને કોર્પોરેટર મહેશભાઈ રાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

# કોઠંબા ખાતે આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથારે રાધાકૃષ્ણ મંદિરથી રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું



લુણાવાડા,

મહીસાગર જિલ્લાના કોઠંબા ખાતે અષાઢી બીજે આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથારે રાધાકૃષ્ણ મંદિરથી રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. આ રથયાત્રામાં પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ, ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવક સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગામના સરપંચ આગેવાનો મહાનુભાવો તેમ જ મોટી સંખ્યામાં ગ્રામજનો અને મહિલાઓ જોડાઈ હતી રથયાત્રા દરમિયાન સૌ ભાવિક ભક્તો દ્વારા હર્ષ ઉલ્લાસથી રથયાત્રાના દર્શન કરી સ્વાગત કર્યું હતું.

આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથારે રથયાત્રાના પર્વ નિમિત્તે સૌ નાગરિક ભાઈ બહેનોને શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે જગન્નાથજી સૌ પર કૃપા આશિષ વરસાવે અને સમાજ જીવનમાં સૌને આરોગ્ય સુખાકારી, સમૃદ્ધિ અને સુખશાંતિ આપે તેવી પ્રાર્થના તેમણે કરી હતી.

# શહેરા વન વિભાગે રેણા ચોકડી પાસેથી સાગી લાકડા ભરેલ ટ્રક ઝડપી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

**શહેરા વન વિભાગે ગુણેલી પાસેથી મહુડાના વૃક્ષો ભરેલ ટ્રકને ઝડપી પાડીને ટ્રકના ચાલક પાસે લાકડાની હેરાફેરી કરવા માટેના જરૂરી કાગળો માંગતા મળી આવ્યા ન હતા. જેથી ફોરેસ્ટ વિભાગે લાકડા અને વાહન મળીને રૂપિયા બે લાખ કરતા વધુનો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.**

શહેરા,

શહેરા વન વિભાગે રેણા ચોકડી પાસે પાસ પરમીટ વગર ના સાગી લાકડા ભરેલ ટ્રકને ઝડપી પાડી હતી. વન વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલ સહિતનો સ્ટાફ પ્રેટોલિંગમાં હતા. તે દરમિયાન બાતમી મળતા તેઓએ ફિલ્મી ઢબે ૫ કિ.મી પીછો કરીને સાગી લાકડા ભરીને જતી ટ્રકને પકડી પાડીને રૂપિયા ૬ લાખ કરતા વધુનો મુદ્દામાલ કબજે કરીને વધુ તપાસ હાથધરી હતી.

શહેરા તાલુકાના રેણા માર્ગ પર દિવસ અને રાત્રી દરમિયાન લાકડા ભરેલા વાહનોની અવરજવર વધી જતા ફોરેસ્ટ વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલ, ફોરેસ્ટર રમેશ ચૌહાણ, બીટગાર્ડ હિતેશ ગઢવી, નરેન્દ્ર સિંહ સોલંકી, ભુણેશ્વર નિનામા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં નીકળ્યા હતા. વન વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલ સહિતના સ્ટાફ એ રેણા ચોકડી પાસે પસાર થતા માર્ગ ઉપરથી સાગી લાકડા ભરેલ ટ્રક નીકળતા તેને ઉભી રાખવા માટે ઈશારો કરતા ટ્રકના ચાલે ટ્રકને ભગાડી મુકતા વન વિભાગની ટીમએ ટ્રકનો પાંચ કી.મી. પીછો કરીને પકડી પાડી હતી. સાગી લાકડા ભરેલ ટ્રકના ચાલકને લાકડાની હેરાફેરી કરવા માટેના જરૂરી કાગળો માંગતા નહિ મળી આવતા ફોરેસ્ટ વિભાગે બે નંબરી લાકડા ભરેલ ટ્રકને કચેરી ખાતે લાવીને કાર્યવાહી હાથધરી હતી. બે નંબરી પકડાયેલા સાગી લાકડા અને વાહન મળીને રૂપિયા ૬ લાખ કરતા વધુનો મુદ્દા માલ જપ્ત કરીને સાગી લાકડા ક્યાંથી ભરેલા અને ક્યા ખાલી કરવાના હોય તે દિશામાં તપાસનો દોર શરૂ કર્યો છે. હાલ તો વન વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલ દ્વારા બે નંબરી લાકડાની હેરાફેરી સામે લાલ આંખ કરતા લાકડા ચોરોમાં ફફડાટ ફેલાયો હતો. લાકડા ચોરી અટકાવવા માટે વન વિભાગ દ્વારા અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પર્યાવરણ પ્રેમીઓની પણ માંગ ઉઠવા પામી હતી.

# પંચમહાલ જિલ્લામાં સ્વામી વિવેકાનંદ લશ્કરી ભરતી પૂર્વે વિના મુલ્યે નિવાસી તાલીમવર્ગ માટે અરજીઓ મંગાવવામાં આવી

ગોધરા,

ગુજરાતમાં આગામી યોજનાર લશ્કરી ભરતી રેલીમાં ભાગ લેવા યોગ્ય હોય તેવા પંચમહાલ જીલ્લાના ઉમેદવારો માટે ભરતી પૂર્વેની તૈયારી માટે ૩૦ દિવસની નિવાસી તાલીમવર્ગ ગોધરા ખાતે શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં વિના મુલ્યે રહેવા અને જમવાની સુવિધા રાખેલ છે. રસ ધરાવતા ૧૭.૫ થી ૨૦ વર્ષ સુધીના તથા ધો.૧૦મું ૪૫ ટકા સાથે પાસ કરેલ હોવું ફરજીયાત છે.

લશ્કરી ભરતીમાં ફીઝીકલ ટેસ્ટમાં ઉમેદવારોએ ૧૬૦૦ મીટર દોડ ૫.૩૦ મીનીટમાં પુરી કરવી ફરજીયાત છે. તેમજ ૧૦ પુલપ્સ, ૯ ફૂટનો લાંબો કુદકો કરવાનો હોય છે. ઉમેદવારની ઉંચાઈ ૧૬૮ સેમી કે તેથી વધુ (એસ.ટી કેટેગરી માટે ૧૬૨ સે.મી કે તેથી વધુ) હોવી જોઈએ તેમજ ૫૦ કી.ગ્રા વજન અને ૭૭ થી ૮૨ સે.મી છાતી હોવી જરૂરી છે.

લશ્કરી ભરતીની ફીઝીકલ અને લેખિત પરિક્ષામા સારો દેખાવ કરી શકે તે માટે વિના મુલ્યે તાલીમ લેવા ઈચ્છતા રસ ધરાવતા અપરણિત પુરૂષ ઉમેદવારોએ તા.૧૫.૭.૨૦૨૨ સુધીમાં પાસપોર્ટ ફોટા, એલ.સી, માર્કશીટ, જાતિનો દાખલો, ડોમિસાઇલ પ્રમાણપત્ર, બેંક પાસ બુક, આધાર કાર્ડ સાથે નિયત નમૂનામાં બાહેધરી પત્ર સાથેની અરજી રોજગાર કચેરી ,ગોધરાને કરવાની રહેશે.

અરજીનું ફોર્મ રોજગાર કચેરી ખાતેથી વિના મુલ્યે મળશે તેમજ ઓનલાઈન તેમજ રોજગાર કચેરીના મોડેલ કેરિયર સેન્ટર ગોધરાના ફેસબુક એકાઉન્ટ પર ઉપલબ્ધ કરવામાં આવશે સમય મર્યાદામાં આવેલ અરજીઓમાંથી સ્કુટીની કરવામાં આવશે અને આર્મી ભરતીની જાહેરાતમાં જણાવેલ લાયકાત ધરાવતા તેમજ આર્મી ભરતી માટે ઓનલાઇન અરજી કરનાર ઉમેદવારોને તાલીમ માટે પસંદ કરવામાં આવશે.વધુ માહિતી માટે જીલ્લા રોજગાર કચેરી,ગોધરાનો રૂબરૂ અથવા હેલ્પ લાઈન નંબર ૦૨૬૭૨-૨૪૧૪૦૫/ ૬૩૫૭૩૯૦૩૯૦ પર સંપર્ક કરવા રોજગાર અધિકારી ગોધરા એક અખબાર યાદીમાં જણાવેલ છે.

# સરકારની વિવિઘ યોજનાઓ હેઠળ પંચમહાલ જિલ્લાના ખેડુતો બન્યા છે આત્મનિર્ભર



ગોધરા,

કેંદ્ર અને રાજ્યસરકારએ દેશના ખેડુતોની આવક બમણી કરવાનો નિર્ધાર કરેલો છે ત્યારે પંચમહાલ જિલ્લામાં સરકારની વિવિધ યોજનાઓ હેઠળ ખેડુતોને સહાય ચુકવવામા આવી રહી છે. આ માટે સરકાર દ્વારા આઈ-પોર્ટલ સહિત વિવિધ પ્લેટફોર્મ ઉભા કરીને ખેડૂતોને ખેતીની વૈજ્ઞાનિક પધ્ધતિઓનું માર્ગદર્શન આપી, જુદી-જુદી યોજનાઓના અમલીકરણ દ્વારા ખેત ઉત્પા,દકતા વધારી, ખેત પેદાશોમાં વધારો કરી રાજ્યની જરૂરિયાતો હાંસલ કરવાનો અને ખેડૂતોની આવક વધારવાના પ્રયાસો થઈ રહ્યા છે.

પંચમહાલ જિલ્લાસમાં દેશની પહેલી ઓર્ગેનિક યુનિવર્સીટીની સ્થોપનાત હાલોલ ખાતે કરવામાં આવી છે. વાત કરીએ વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૧-૨૨ દરમ્યાન છેલ્લા પાંચ વર્ષમાં પંચમહાલ જિલ્લામાં રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ ખેતીના ભારે સાધનો માટે ખેડુતોને સહાય ચુકવવામાં આવેલ છે. જેમાં પાક સંરક્ષણ સાધનો- પાવર સંચાલીત ઘટક હેઠળ ૧૪૮૯ ખેડૂતોને, તાડપત્રી ઘટક હેઠળ ૫૧૬૨ ખેડૂતોને, રોટાવેટર ઘટક હેઠળ ૪૨૧ ખેડૂતોને, તમામ પ્રકારના વાવણીયા ઘટકમાં ૨૯૯ ખેડૂતોને, પાઈપ લાઇન ઘટક હેઠળ ૧૬૦૪ ખેડૂતોને, પંપસેટ ઘટક હેઠળ ૧૭૨૧ ખેડૂતોને પાવર થ્રેસર ઘટક હેઠળ ૧૫૪ એમ કુલ ૧૧૮૬૮ ખેડૂતોને રૂ.૧૨૭૫.૬૧ લાખની સહાય ચુકવવામાં આવી છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કૃષિક્ષેત્રે વપરાતા ટ્રેકટર, રોટાવેટર, પાવર થ્રેસર, કલ્ટીવેટર, સીડડ્રીલ, પંપસેટ, તાડપત્રી, વિનોઇંગ ફેન, માલવાહક વાહન વગેરે જેવા નવિન સાધનોની ખરીદી કરવા માટે ૭૧૮૮ ખેડૂતોને પૂર્વમંજુરી આપવામાં આવી છે. જે પૈકી ૩૩૮૧ ખેડૂતોએ નવિન સાધનો વસાવી દરખાસ્ત કરતા તેઓને રૂ.૬૫૧.૦૪ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

કેન્દ્ર અને રાજ્ય સરકાર થકી ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ હેઠળ છેલ્લા પાંચ વર્ષ દરમ્યારન પંચમહાલ જિલ્લાએમાં કુલ ૧૫૬૫૮ ખેડૂતોને રૂ.૩૨૮૮.૦૦ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. ખેડૂત ખાતેદાર અકસ્માત વિમા યોજના હેઠળ છેલ્લાૈ પાંચ વર્ષમાં ૫૮૨ અરજદારોને રૂ.૪૬૬.૦૦ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.વર્ષ ૨૦૧૯ દરમ્યાજન કૃષિ સહાય પેકેજ હેઠળ રૂ.૩૪.૦૦ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે. તથા વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન જાબુંઘોડા તાલુકાના ૨૭૫ લાભાર્થીઓને ૧૧.૪૧ લાખની સહાય ચુકવેલ છે. ખેતીના ભારે સાધનોમાં ટ્રેકટર ઘટક હેઠળ છેલ્લા. ચાર વર્ષમાં જિલ્લારમાં ૧૯૯૮ ખેડૂતોને રૂ.૯૦૧.૩૫ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. મુખ્યામંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર (ગોડાઉન) યોજના અંતર્ગત બે વર્ષ દરમ્યાન ૯૧૫ લાભાર્થીઓને રૂ.૩૮૮.૮૦ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. મુખ્યરમંત્રી કિસાન પરીવહન (માલ વાહક વાહન) યોજના અંતર્ગત બે વર્ષ દરમ્યા્ન ૯૫ લાભાર્થીઓને રૂ.૬૭.૨૫ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

પ્રધાનમંત્રી કિસાન સમ્માનન નિધિ યોજના ભારત સરકાર દ્વાજરા અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં ખેડૂત કુટુંબને વાર્ષિક રૂ.૬૦૦૦/- ની સહાય ડીબીટીના માધ્યસમથી તેઓના ખાતામાં સીધી રકમ જમાં કરવામાં આવે છે. જેનાથી ખેડૂતોને ખાતર અને બીયારણની ખરીદી કરવામાં મદદરૂપ થાય છે. પંચમહાલ જિલ્લામાં ૧૧ હપ્તાઓ થકી છેલ્લામ ત્રણ વર્ષ દરમ્યોન ૨.૩૦ લાખ ખેડૂતોને રૂ.૪૨૭.૧૯ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે. ચાલુ વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને હવામાન ખાતાની આગાહી, વરસાદની આગાહી, સંભવિત રોગ જીવાતના ઉપદ્રવની માહિતી, જીવાત નિયત્રંણની માહિતી, કૃષિ વિષયક પ્રકાશનો, કૃષિ તકનિક વિષયક માહિતી તેમજ સરકારી યોજનાઓની માહિતીની અને તેની અરજી ઘરે બેઠા થઇ શકે તે માટે સરકાર દ્વારા ખેડૂતોને નવિન સ્માર્ટફોન વસાવા માટે ખરીદ કિંમતના ૪૦% અથવા રૂ.૬૦૦૦/- ની સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી માટે સાત પગલાં ખેડૂત કલ્યાહણના પગલાં હેઠળ સંપૂર્ણ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના અને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા સારૂ લાભાર્થીઓને નિદર્શન ૭૫% કીટમાં સહાય આપવા માટે યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધ તિનો ઉપયોગ કરતા થાય તે માટે પ્રાકૃતિક કૃષિ કિટ (પ્રવાહી જીવા મૃત બનાવવા માટે) ૨૦૦ લીટરનું ઢાંકણા વગરનું ડ્રમ, ૧૦ લીટરના બે પ્લાકસ્ટિટકના ટોકર(ટબ), તથા ૧૦ લીટરની એક પ્લા સ્ટિરકની ડોલ આપવાના થાય છે.

ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન પંચમહાલ જિલ્લાના સાત તાલુકામાથી કુલ ૫૯૫૦ નમુના લઇ જમીન ચકાસણી પ્રયોગ શાળામા ચકાસણી અર્થે મોકલવામાં આવી છે. ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન પંચમહાલ જિલ્લાના આઇ-ખેડુત પોર્ટલ પર કુલ ૧૭૪૨૮ અરજીઓ થયેલ છે તે પૈકી ૧૬૭૯૨ અરજીઓ ને એલિજિબલ કરેલ છે અને લક્ષાંક મુજબ મંજુરી આપવાની કામગીરી ચાલુ છે તેવુ ખેતીવાડી અધીકારી પંચમહાલ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# ભાવનગર, ડાકોર, શામળાજી સહિત વિવિધ શહેરોમાં રથયાત્રા પર્વની રંગેચંગે ઉજવણી

અમદાવાદ,

રાજ્યમાં હર્ષોલ્લાસ પૂર્વક રથયાત્રાની ઉજવણી કરવામાં આવી છે. મહાનગરો સહિત વિવિધ વિસ્તારોમાં આજે અષાઢી બીજના દિવસે રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.કોરોનાને કારણે બે વર્ષ બાદ ભક્તો સાથે રથયાત્રા કાઢવાનો અવસર મળ્યો છે જેને લઈને ભક્તોમાં અનેરો આનંદ જોવા મળ્યો હતો

ભાવનગરમાં ભગવાન જગન્નાથની ૩૭મી રથયાત્રા નીકળી હતી. ભાવનગરમાં મહારાજા વિજયરાજસિંહ જી અને શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ રથયાત્રા પ્રસ્થાન કરાવી હતી આ પ્રસંગે બંન્નેએ આરતી પણ ઉતારી હતી રથયાત્રા શહેરના ૧૮ કિલોમીટરના રૂટ પર ફરીને રાત્રે નિજ મંદિરમાં પરત ફરી હતી જેમાં મોટી સંખ્યામાં ભકતો જોડાયા હતાં. ઉલ્લેખનીય છે કે, ભાવનગરની રથયાત્રા સવારે ૮ વાગ્યે ભગવાનેશ્વર મહાદેવના મંદિરેથી શરૂ થઇ હતી.

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં ભગવાન જગન્નાથની ૨૫૦મી રથયાત્રા નીકળી હતી. ભગવાન રણછોડજીની આરતી બાદ ચાંદીના રથમાં ભગવાન બિરાજમાન થયા ત્યારબાદ રથયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જેમાં પહેલાં મંદિર ઘુમ્મટની અંદર ૫ પરિક્રમા અને ત્યારબાદ મંદિર પરિસરમાં ૧૧ પરિક્રમા કરવામાં આવી હતી. જે બાદ ભગવાન ૮ કિલોમીટરના રૂટ પર રણછોડ રાય નગરચર્યાએ નીકળ્યા છે. રથયાત્રાના રૂટ પર પોલીસ બંદોબસ્ત સાથે ભક્તોનું પણ ઘોડાપુર ઉમટ્યું હતું

અરવલ્લીના શામળાજીમાં કાળિયા ઠાકોર પણ રથયાત્રાએ નીકળ્યા હતાં અહીં શામળાજી બાળસ્વરૂપે બિરાજમાન છે. રથયાત્રા મંદિર પરિસરમાં ૭ આંટા ફેરવવામાં આવ્યા હતો આ દરમિયાન વરસાદના અમીછાંટણા પણ થતા ભક્તોમાં હરખની લાગણી જોવા મળી. પાલનપુરના ૧૯ કિલોમીટરના રુટ ઉપર આયોજન કરવામાં આવ્યું હતું.રથયાત્રામાં હાથી, ઘોડા અને ઊંટલારી પણ જોડાઈ હતી. રથયાત્રામાં મગ, કાકડી અને જાંબુના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું . હજારોની સંખ્યામાં લોકો રથયાત્રામાં જોડાયા હતા.

દાહોદમાં પણ ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાઈ. હાથી, ડીજે સાથે રથયાત્રા નીકળી. જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા. રસ્તા પર જય જગન્નાથના નારા સાથે આનંદપૂર્ણ વાતાવરણમાં રથયાત્રા નીકળી હતી આ ઉપરાંત ગાંધીનગર,જામનગર જુનાગઢ સહિત અનેક જીલ્લાઓ શહેરોમાંથી રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ભકતો ઉમટી પડયા હતાં.

# આપની આજ.......

મેષ : જો તમે પ્રેમની કોઈ બાબતમાં મૂંઝવણમાં છો અથવા અસ્વસ્થ છો, તો તમારે સ્પષ્ટપણે તમારી લાચારી અથવા અક્ષમતા જણાવવી જોઈએ. ધ્યાનમાં રાખો કે આ મુશ્કેલીઓ ટૂંક સમયમાં સમાપ્ત થઈ જશે. કાર્યક્ષેત્રમાં મહત્વપૂર્ણ કાગળો સંભાળીને રાખો. નહીં તો કોઈ વ્યક્તિ ઘણી મુશ્કેલીમાં આવી શકે છે.

વૃષભ : આજે તમારે પોતાનું કામ પાર પાડવામાં બેદરકારી દાખવવાનું ટાળવું જોઈએ. કારણકે જો તમે સમયસર કોઈ પગલું નહીં ભરો તો તમારું કામ બગડશે. આજે બાળકોના શિક્ષણને ધ્યાનમાં રાખીને આનંદ થશે અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચાર પ્રાપ્ત થશે.

મિથુન : આજે તમે જેની અપેક્ષા કરો છો તે સ્થિતિ રહેશે નહીં. જો તમે કોઈ વસૂલી પર જઈ રહ્યા છો તો ત્યાં જવાનું યોગ્ય રહેશે. પરંતુ એક એવી બાબતનું ધ્યાન રાખો કે જે આજે કોઈને વચન ના આપો. આજે એવું પણ બની શકે છે કે તમે જે સારું કરવાનું વિચારી રહ્યા છો તે તમને નુકસાન કરશે.

કર્ક : જો તમે આજે નવી નોકરીની શોધમાં હોવ અથવા નવો ધંધો શરૂ કરવા માગતા હોવ તો તમારી આસપાસના લોકોની મદદ લેશો. કદાચ આમાંથી કોઈપણ તમારા માટે મદદરૂપ સાબિત થશે. તમારે તમારા સ્તરે જે કરવાનું છે તે સમયસર કરો. સાસરિયા તરફથી કોઈ પણ બાબતે વિવાદ થઈ શકે છે. તેથી સાવધ રહો.

સિંહ : લાંબા સમય પછી, તમારી રૂટિન લાઈફ બદલાઈ રહી છે. જો તમને કોઈ નવી સ્થિતિ અથવા હોદ્દો મળી રહ્યો છે, તો તમારે તેને સ્વીકારવામાં મોડું ના કરવું જોઈએ. સંભવ છે કે અહીંથી તમારા માટે પ્રમોશનનો દરવાજો ખોલવામાં આવી શકે. કુટુંબમાં સારા સમાચાર મળવાના સંકેતો પણ મળે છે.

કન્યા : જો તમે ભાગીદારીમાં ધંધો કરો છો, તો આજે તમારા ખભા પર થોડું વધારે કામ આવી શકે છે. બીજી બાજુ, જો તમે નોકરીમાં છો, તો તમને નવી જવાબદારી સોંપવામાં આવી શકે છે. ઘરની સમસ્યાઓનો મામલો પણ વધી શકે છે. પરંતુ વડીલોનો અભિપ્રાય લો, એવું બની શકે કે તમારી સમસ્યા પણ અમુક હદ સુધી ઉકેલાઈ જાય.

તુલા : તુલા રાશિના લોકો માટે આજે ખાસ સલાહ છે. આજે કોઈપણ પ્રકારે ભૂલ કરશો નહીં. કારણકે નહીં તો મુશ્કેલીઓ વધી શકે છે. કોઈ માટે ખોટા વિચારો ના લાવો. એટલે કે, તમારા સિવાય બીજાઓ વિશે સારું વિચારવું વધુ સારું રહેશે. તમે જે કરી રહ્યા છો તેમાં વિક્ષેપ ના આવે તેની કાળજી લો.

વૃશ્ચિક : જો કોઈ તમને પ્રેમનો હાથ લંબાવે છે, તો તમારું સ્ટેટસ જોઈને જવાબ આપો. કારણકે કદાચ તે તમારો લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યો છે. આજે તમારે તમારા કાર્યક્ષેત્રમાં પણ થોડો ફેરફાર કરવો પડી શકે છે. ધ્યાનમાં રાખો કે આ ફેરફાર તમારા માટે ચોક્કસપણે કેટલાક સારા પરિણામો લાવશે.

ધનુ : આજે તમને કોઈ જવાબદારીનું કામ મળશે. આ કેટલીક મુશ્કેલીઓનું કારણ બની શકે છે. પરંતુ જો તમે ધૈર્ય રાખો છો, તો તે સારું લાગશે. આજે સાંજે ચાલતા જતા અચાનક કોઈ પ્રિયજનને મળી શકાય છે. ઉપરાંત, તમારે તરત જ તેને મદદ કરવી પડી શકે છે. ખાતરી કરો કે આગામી સમય તમારા માટે આનંદ લાવશે.

મકર : આજે તમારો જૂનો સંકલ્પ પૂરો કરવાનો દિવસ છે. જો તમે કોઈ મંદિરમાં માનતા રાખી છે તો તે માટે નીકળી પડો. તમે કોઈ બાબતને લંબાવવાની કોશિશ કરી શકશો, તમારી સમસ્યાઓ ભવિષ્યના ખર્ચમાં પણ વધારો કરશે. જોકે આગામી સમયમાં તમારી રાહ જોતા એક સારા સમાચાર પણ છે.

કુંભ : ગણેશજી કહે છે, આજે તમારા આસપાસના વાતાવરણ પર નજર રાખવાની સલાહ છે. ખાસ કરીને તે લોકોથી સાવધાન રહો જે તમને કોઈપણ સમયે નુકસાન પહોંચાડી શકે છે. આ સિવાય ધંધાકીય લોકોએ પણ સાવધાની રાખવી પડશે, એટલે કે જો ધંધામાં કોઈ ઉછાળો આવે તો તેને અવગણશો નહીં. નહીં તો તમને નુકસાન થઈ શકે છે.

મીન : ગણેશજી કહે છે, આજે તમારે કોઈ પણ સ્થળે તૈયાર થઈને જવું પડી શકે છે. પરંતુ ધ્યાનમાં રાખો કે, આજે ખોટા વિવાદથી દૂર રહો અને આજે બપોરે કાયદાકીય વિવાદ અથવા કેસમાં વિજય તમારા માટે ખુશીનું કારણ બની શકે છે. આજે તમારા શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ નગરમાં ભગવાન શ્રી જગન્નાથજીની ૧૫મી ભવ્ય રથયાત્રા યોજાઈ





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદમાં ૧૫મી ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રાની ભવ્યાતિ ભવ્ય નીકળી હતી. સમગ્ર વાતાવરણ જય શ્રી જગન્નાથજીના નાદથી ગુંજી ઉઠ્યું હતું. દાહોદમાં હનુમાન બજાર સ્થિત રણછોડ મંદિરેથી આજે અષાઢી બીજે નીકળેલ રથયાત્રામાં બે ઘોડા, મહાદેવ, શેષનાગ, અખાડો, જય જવાન જય કિશાન ટેબ્લો, બેન્ડવાજા, ભસ્મ રમૈયા ડમરૂં, શહનાઈ, ભગવાન રાધાકૃષ્ણની ઝાંખી, રામ દરબાર, હનુમાન કવીરાજ ઢોલ, હરે રામ હરે કૃષ્ણ મંડળ, મારેલા મંડળો વિગેરે મંડળોએ વિશેષ આકર્ષણનું કેન્દ્ર જમાવ્યું હતું. રથયાત્રામાં ૨૦૦ કીલો મગ તથા ૫૦૦ કીલો જાંબુના પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રામાં મહિલાઓ, બાળકો, વયોવૃધ્ધથી લઈ સૌ કોઈ મોટી સંખ્યામાં જોડાયાં હતાં.

દાહોદમાં બે વર્ષ પછી ભગવાન શ્રી જગન્નાથજી નગર ચર્ચાએ નીકળવાના છે. તેને લઈ ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, પરંતુ કોરોના કાળમાં ભક્તોને ઘરે બેઠે દર્શનનો લાભ મળ્યો હતો પરંતુ લોકો ભગવાનની નગર ચર્યામાં જોડાઈ ચુક્યાં ન હતાં.

દાહોદમાં ૧૫મી રથયાત્રાને લઈ મોસાળમાં સોનીવાડમાં આવેલ રાધા કૃષ્ણ ભગવાનનું મંદિર અને સોનીવાડમાં રહેતા પંચાલ સમાજ ન માલી સમાજ તથા બધા ભક્તોમાં ભારે ઉત્સાહ, ઉમંગ સાથે રથયાત્રા આવકારવા માટે રાહ જોઈ રહ્યાં હતા. કોરોના મહામારીને કારણે સતત બે વર્ષ સુધી શ્રધ્ધાળુઓ રથયાત્રામાં જોડાઈ શક્યા ન હોઈ સાથેજ મોસાળમાં પણ રથયાત્રાનું સ્વાગત કરવા માટે છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલ તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ ચુક્યો હતો સાથે ભંડારો પણ કર્યો હતો. જેમાં હજરો ભક્તો એ પ્રસાદી નો લહાવો લીધો હતો.

દાહોદ શહેરમાં આજે નીકળેલ ભગવાન શ્રી જગન્નાથજીની ભવ્યાતિ ભવ્ય રથયાત્રા નીકળી હતી. સવારે સાડા આઠ વાગ્યાના સમયે મહાનુભવો દ્વારા પહીંદ વિધી તથા મહા આરતી કરવામાં આવી હતી. ત્યાર બાદ નવ વાગ્યે મહાનુભવો દ્વારા રથનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ત્યાર બાદ રથયાત્રા હનુમાન બજાર થઈ એ.પી.એમ.સી. પહોંચી સાડા દશ વાગ્યે સરદાર પટેલ ચોક (પડાવ) થઈ પીપળીયા હનુમાનજી થઈ દૌલતગંજ બજાર થઈ ગૌશાળા થઈ ત્યાંથી બપોરના સવાર બાર વાગ્યે સોનીવાડ રાધા કૃષ્ણ મંદિરે ભગવાન વિસામો લીધો હતો અને ત્યાં ભગવાનની આરતી કરી તેમજ ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં હજારોની સંખ્યામાં ભક્તો મહા પ્રસાદનો લાભ લીધો હતો. એક કલાકના વિસામા બાદ પુનઃ રથયાત્રા શરૂં થઈ આગળ વધી મંડાવાવ ચોક, ગોવિંદ નગર ચોક, ઠક્કર બાપા સર્કલ, માણેક ચોક દેસાઈવાડા (જનતા ચોક), એમ.જી. રોડ, નગરપાલિકા ચોક, નેતાજી બજાર થઈ હનુમાન બજાર થઈ સાંજના છ વાગ્યે રથયાત્રા નીજ મંદિરે પરત આવી હતી. જ્યાં ભગવાન શ્રી જગન્નાથજીની આરતી થયાં બાદ રથયાત્રા સમાપન થયુ હતું. રથયાત્રાના રૂટ પર યાત્રા દરમ્યાન ઠેર ઠેર ઠંડા પીણા, અલ્પાહાર વિગેરેના સ્ટોલ દરેક સમાજ દ્વારા ઉભા કરવામાં આવ્યા હતા. તેથી મોટામાં મોટી સંખ્યામાં ભાવિકો રથયાત્રામાં જોડાયા હતા.

૧૫મી રથયાત્રા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થાય અને શહેરમાં અમન અને શાંતી જળવાઈ રહે તે માટે રથયાત્રા દરમ્યાન એક એસ.એસ.પી., ડી.વાય.એસ.પી., ૪ પી.આઈ., ૩૧ પી.એસ.આઈ., ૬૪ જેટલા એ.એસ.આઈ., ૧૪૫ જેટલા જી.આર.ડી. જવાન, ૮૬ પોલીસ કોન્સ્ટેબલ, ૧૦૦ જેટલા એસ.આર.પી. જવાન, ૧૪૫ જેટલા હોમગાર્ડ જવાન ૬૯ જેટલા ટી.આર.બી. જવાન તથા ૩૩ જેટલી મારેલા પોલીસ મળી કુલ ૬૭૮ જેટલા પોલીસ અધિકારી, કર્મચારીઓ ખડેપગે તૈનાત રહ્યાં હતાં. રથયાત્રાના રૂટમાં ફીક્સ પોઈન્ટ, ટ્રાફિક પોઈન્ટ, ધાબા પોઈન્ટ, ડીપ પોઈન્ટ ઉભા કરવામાં આવ્યાં હતાં. રથયાત્રામાં પુશીંગ સ્કોવર્ડ, મોરચા સ્કોવર્ડ, મોબાઈલ પેટ્રોલીંગ, ઘોડે સવાર પાર્ટી વિગેરે રહી હતી અને રથયાત્રા ઉપર નજર રાખવામાં આવી હતી. રથયાત્રામાં અખાડાના હેરત ભર્યા દાવ, જય જવાન જય કિશાન ટેબ્લો, રાધા કૃષ્ણની ઝાંખી, ભસ્મ રમૈયાનું ડમરૂ, રામ દરબાર ઈન્દૌરથી આવેલ હનુમાનજી તથા વાનરો આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં.

## દે.બારીઆ તાલુકાની સગીર યુવતિને લગ્નના ઈરાદે દુષ્કર્મ આચરી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના નાના એક ૧૯ વર્ષીય યુવતીને છેલ્લા ૬ વર્ષથી લગ્નની લાલચ આપી યુવતી સાથે અવાર નવાર શારિરીક દુષ્કર્મ આચરી યુવતીને મારી નાંખવાની ધમકીઓ આપી યુવતીના લગ્ન અન્ય જગ્યાએ કરાવશો તો પરિવારને મારી નાંખીશુ જેવી પરિવારજનોને ધાકધમકી આપ્યાં બાદ સોશીચલડ મીડીયામાં યુવતીના ફોટા અને વીડીયો વાઈરલ કરી દેવાની ધમકી આપતાં આ સંબંધે પોલીસ મથકે ફરિયાદ નોંધાંચાનું જાણવા મળે છે.

દેવગઢ બારીઆ તાલુકાના બામરોલી મુવાડા ગામે રહેતો દર્શનભાઈ કનુભાઈ સલાટે દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૯ વર્ષીય યુવતીને પોતાના પ્રેમ જાણમાં ફસાવી વર્ષ ૨૦૧૬ થી વર્ષ ૨૦૨૧ના સમયગાળા દરમ્યાન યુવતી સાથે શારિરીક સંબંધ બાંધી લગ્નની લાલચ આપતો હતો અને તું આપણા પ્રેમ સંબંધ વિશે કોઈને કહીશ તો મારી નાંખવાની ધમકી પણ યુવક યુવતીને આપતો રહેતો હતો. ત્યારે યુવતીના ફોટો અને વીડીયો પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી લઈ યુવક દ્વારા યુવતીના પરિવારજનોને પણ ધાકધમકીઓ આપી યુવતીના અન્ય જગ્યાએ લગ્ન કરાવશો તો ફોટો અને વીડીયો શોસીયલ મીડીયામાં વાઈરલ કરી નાંખવાની ધમકીઓ આપતો રહેતો હતો. ત્યારે તારીખ ૩૦મી જુનના રોજ દર્શનભાઈ કનુભાઈ સલાટ, જયેશભાઈ કનુભાઈ સલાટ, કનુભાઈ વીરસીંગભાઈ સલાટ, સૌરવભાઈ અર્જુનભાઈ સલાટ, આશીષભાઈ કોદરભાઈ સલાટ, અનિલભાઈ દિનેશભાઈ સલાટ, વિકાસભાઈ વાલજીભાઈ સલાટ, સુભાષભાઈ ભટેસીંગભાઈ સલાટ અને દિનેશબાઈ વીરસીંગભાઈ સલાટનાઓ ફોર વ્હીલર ગાડી અને મોટરસાઈક પર આવી યુવતીના પરિવારજનોને મારી નાંખવાની ધમકીઓ આપી કહેલ કે, બેટી કી શાદી કી ડોલી ઔર તેરી અર્થી એક સાથ ઉઠેગી, લગ્ન કરાવી તો જુઓ ફોટા વાઈરલ કરી તારૂં મોઢું કાળુ કરી નાંખીશ, તેવી ધાકધમકીઓ આપી ઉપરોક્ત ઈસમોએ ઓલ ઈન્ડિયા સલાટના ગ્રૃપમાં યુવતીના પરિવારજનોને બેફામ ગાળો બોલી, મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે યુવતીના સ્વજન દ્વારા દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડા તાલુકાના જેસાવાડાના ASIનું પીપલોદ ખાતે અકસ્માતમાં મોત



દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પંચેલા ગામેથી પસાર થઈ રહેલ ગરબાડા તાલુકાના જેસાવાડા પોલીસ મથકે ફરજ બજાવતાં એક પોલીસ કર્મચારીને અડફેટમાં લેતાં પોલીસ કર્મચારી ગંભીર રીતે ઘાયલ થતાં તેઓને તાત્કાલિક્ નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવતાં સારવાર દરમ્યાન પોલીસ કર્મચારીનું મોત નીપજતાં દાહોદ જિલ્લા પોલીસ બેડામાં શોકની લાગણી સાથે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

ગત તા.૩૦મી જુનના રોજ ગરબાડા તાલુકાના જેસાવાડા પોલીસ મથકે ફરજ બજાવતાં જીજ્ઞેશકુમાર કાન્તીલાલ બારીયા સાંજના સાડા સાતેક વાગ્યાના આસપાસ દેવગઢ બારીઆ તાલુકાના પંચેલા ગામેથી દાહોદ થી ગોધરા તરફ જતાં રોડ ઉપરથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે ત્યાંથી એક અજાણ્યો વાહનનો ચાલક પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી પોલીસ કર્મચારી જીજ્ઞેશકુમારને અડફેટમાં લેતાં જીજ્ઞેશકુમારને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવમાં આવ્યાં હતાં પરંતુ સારવાર દરમ્યાન પોલીસ કર્મચારી જીજ્ઞેશકુમારનું મોત નીપજતાં આ સમાચાર વાયુવેગે દાહોદ જિલ્લા પોલીસ બેડામાં પ્રસરતાં પોલીસ બેડામાં ચકચાર સાથે શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

આ સંબંધે દેવગઢ બારીઆ તાલુકાના પંચેલા ગામે હોળી ફળિયામાં રહેતાં વર્ષાબેન મોહનભાઈ પટેલ દ્વારા પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડામાં અષાઢી બીજના દિવસે બળીયાદેવ અને શીતળામાંતા ના પાટોત્સવ ની ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડામાં અષાઢી બીજના દિવસે દર વર્ષની જેમ આ વર્ષે પણ બળીયાદેવ શીતળા માતાજીના મંદીરે પાટોત્સવનું આયોજન કરવામાં આવેલ સંવત ૨૦૭૮ અષાઢ સુદર શુક્રવાર તા.૦૧/૦૭/૨૦૨૨ શોભાયાત્રા સવારે ૧૧ કલાકે બળીયાદેવ–શીતળા માતાજીના મંદિરે થી નિકળી હતી. જે શોભાયાત્રા નિજ મંદિરે ગઈ હતી. ત્યાર બાદ આરતી મહાપ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## દાહોદ જીલ્લામાં અર્બન વિસ્તારમાંથી ૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો




દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ એક કોરોના પોઝીટીવ કેસ આવ્યો છે. ૧ કેસ પોઝીટીવ દાહોદ અર્બન વિસ્તારમાંથી સામે આવ્યો છે. આમ દાહોદ જિલ્લામાં કોરોનાનો એક્ટીવ કેસનો કુલ આંકડો ૫ને પાર થઈ ગયો છે.

દાહોદ જિલ્લામાં કોરોનાએ દસ્તક દેતાં લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. ત્યારે અગાઉ એક સાથે ચાર કેસ પોઝીટીવ આવી ચુક્યાં હતા. તે ચાર કેસ પૈકી દાહોદ જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી આ પહેલા કોરોના પોઝીટીવ આવી ચુક્યાં હતાં અને હવે ફરીવાર તેઓનો કોરોના રિપોર્ટ કરાવતાં રેપીટ ટેસ્ટમાં તેઓ કોરોના પોઝીટીવ આવ્યાં હતાં. જિલ્લા પંચાયતમાં કોરોનાએ દસ્તક દેતાં જિલ્લા પંચાયત ભવનમાં અધિકારીથી લઈ કર્મચારીઓમાં ફરજીયાત માસ્ક પહેરવાનું શરૂ કરી દીધું છે. આજનો એક પોઝીટીવ કેસ દાહોદ અર્બનમાંથી સામે આવ્યો છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૮૫૩૨ને પાર થઈ ગયો છે. એકટીવ કેસની સંખ્યા ૫ રહેવા પામી છે.

## દાહોદ-ગરબાડા હાઈવે ઉપર બે કાર સામસામે અથડાતા છ વ્યકિતઓ ઈજાગ્રસ્ત : બે વ્યકિતઓના મોત



દાહોદ,

ગરબાડા તાલુકાના દાહોદ ગરબાડા હાઈવે ઉપર છાશવારે અકસ્માતોની ઘટના બનતી જ રહે છે. જેમાં ગત રાતે વધુ એક અકસ્માત ગરબાડા દાહોદ હાઈવે ઉપર ખરજ નજીક મારૂતિ સ્વીફ્ટ કાર અને ઈકો વચ્ચે સર્જાયો હતો. અકસ્માતની આ ઘટનામાં ચાર મહિલાઓ સહિત ૬ વ્યકિતઓને ઈજાઓ પહોંચી છે અને બે વ્યકિતઓના મોત થયાની જાણકારી મળી રહી છે. જેમાં ઈકો કારનો ડ્રાઈવર પણ અકસ્માતમાં ઈજાગ્રત થયો છે.

અકસ્માતની જાણ થતા આજુબાજુના સ્થાનિક લોકોને થતા ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તેમજ અકસ્માતમાં મૃતકની લાશને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપવામાં આવી હતી. જે અકસ્માત માં બંને ગાડીઓને ભારે નુકસાન થવા પામ્યું છે.

## દાહોદ ખાતે આગામી મંગળવારે ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો યોજાશે

દાહોદ,

ઝાલોદ રોડ સ્થિત સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, દાહોદ ખાતે આગામી તા. ૫ જુલાઈના રોજ મંગલવાર સવારે ૧૧ કલાકે ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિર યોજાશે. આ ભરતી મેળામાં ઊમેદવારોને ખાનગી ક્ષેત્રમાં રોજગારી માટે ધો.૧૦ પાસ, ૧૨ પાસ, આઈ.ટી.આઈ ઓલ ટ્રેડ ડિપ્લોમા, સ્નાતક, નર્સિંગ જીએનએમ, બીએસસી, એમએસસી પુરૂષ, ડિપ્લોમા ફાર્મસી, બેચરલ ફાર્મસી અનુભવી, બીનઅનુભવી લાયકાત ધરાવતા ઉમેદવારોને રોજગારી તક પૂરી પાડવામાં આવશે તેમજ સ્વરોજગાર અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. ઉક્ત અભ્યાસ ધરાવતા મહીલા તથા પુરૂષ ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોવા જોઈએ. રોજગાર ભરતી મેળામાં ઉમેદવારોએ પોતાના બાયોડેટા સાથે સ્વખર્ચે હાજર રહેવું તેમ જિલ્લા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

## ઝાલોદ બાયપાસ રોડની અગવડતાને લઈને ટોલ મેનેજરને રજુઆત કરતા ઉડાઉ જવાબ

ઝાલોદ,

ઝાલોદ નગરપાલિકા વિસ્તારમાં દાહોદ રોડ આઈ.ટી.આઈ.થી બાંસવાડા રોડ આર.ટી.ઓ.કચેરી સુધીના બાયપાસ રોડ પરથી અગવડતાના નિરાકરણ માટે ટોલ મેનેજરને રજુઆત કરતા ઉડાઉ જવાબ મળ્યો હતો. ટોલ મેનેજરે “ મેરા કામ તો સિર્ફ ટોલ વસુલના હે...એક્સિડેન્ટ તો હોતે રેહતે હે...લોગ તો મરતે રહતે હૈ...આપકો સુવિધાએ ચાહિએ તો દાહોદ/ગાંધીનગર જહાં જાના હે વહા જાઓ...” તેવો ઉડાઉ જવાબ આપીને ગુજરાતીમાં લખેલુ આવેદન સ્વિકાર્યુ ન હતુ. જેથી ૫ લોકોના પ્રતિનિધિ મંડળે પ્રાંત અધિકારીને આવેદન આપ્યુ હતુ. આ આવેદનમાં જણાવ્યુ હતુ કે, ૨૮મી તારીખે પણ બાયપાસ પર વધુ એક અકસ્માતમાં યુવકનુ મૃત્યુ થયુ હતુ. ટોલ રોડના બાયપાસ રોડના ખાડા પુરીને રિપેરીંગ કામ કરાય અને રોડની આસપાસ વધી ગયેલ ઝાડી–ઝાંખરા કાપવામાં આવે તેમજ બાયપાસ ખાતે આવેલી ગામડી ચોકડી, મહુડી ચોકડી, આર.ટી.ઓ. ચેકપોસ્ટ, આઈ.ટી.આઈ. પાસેની સ્ટ્રીટલાઈટો સત્વરે ચાલુ કરવામાં આવે, ટોલથી પસાર થતાં ભારે માલવાહક વાહનોને નગરમાં પ્રવેશવાના રાજયધોરી માર્ગ પણ પ્રવેશ બંધ કરાયો, નો–એન્ટ્રી, અને આઈ.ટી.આઈ.પાસે નો–એન્ટ્રી, જાહેર કરીને ટ્રાફિક પર વધતા ભારણને હળવો કરાય તે સહિતના મુદ્દા ટાંકી ટોલ રોડના જવાબદાર પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરીને સમસ્યાનુ નિરાકરણ લાવવાની માંગ કરાઈ હતી.

## દેશમાં જે થઈ રહ્યું છે તેના માટે નુપુર જવાબદાર, ટીવી પર માફી માંગે : સુપ્રીમનો આદેશ





નવીદિલ્હી,

પયગંબર નિવેદન મામલે બીજેપીમાંથી સસ્પેન્ડેડ પ્રવક્તા નૂપુર શર્માની સુપ્રીમ કોર્ટે ઝાટકણી કાઢી છે. સુપ્રીમ કોર્ટે નૂપુર શર્માને આખા દેશ સામે ટીવી ઉપર માફી માંગવાનો આદેશ આપ્યો છે. એ ઉપરાંત એવું પણ કહ્યું છે કે ઉદયપુરની ઘટના તેને કારણે જ બની છે.

નોંધનીય છે કે, નૂપુર શર્મા બીજેપી પ્રવક્તા હતા. તેમણે તાજેતરમાં જ એક ટીવી ડિબેટમાં મોહમ્મદ પયગંબર વિશે વિવાદિત નિવેદન આપ્યું હતું. તેનો ઘણો વિરોધ થયો હતો. અહીં સુધી કે કુવૈત, યુએઈ અને કતર સહિત તમામ મુસ્લિમ દેશોએ તેમના નિવેદનની નિંદા કરી હતી. ત્યારપછી બીજેપીએ નૂપુર શર્માને પાર્ટીમાંથી સસ્પેન્ડ કર્યા છે.

નૂપુર શર્માના પયગંબર નિવેદનના કારણે આખા દેશના ઘણાં ભાગમાં વિરોધપ્રદર્શન પણ થયાં છે. એટલું જ નહીં મહારાષ્ટ્ર સહિત ઘણાં રાજ્યોમાં તેમની સામે ફરિયાદ પણ નોંધવામાં આવી છે. નૂપુર શર્માએ દરેક કેસ દિલ્હી ટ્રાન્સફર કરવાની માગણી કરી છે.નુપુરને ખતરો છે કે નુપુર શર્મા દેશની શાંતિ અને સુરક્ષા માટે ખતરો બની ગઈ છે? જે રીતે તેણીએ દેશભરમાં લાગણીઓ પ્રજ્વલિત કરી છે. દેશમાં જે થઈ રહ્યું છે તેના માટે આ મહિલા એકલા હાથે જવાબદાર છે. અમે ટીવી ડીબેટ જોઈ છેપ..નુપુર શર્માએ દેશની માફી માગવી જોઈએ

નૂપુરના નિવેદન વિશે કોર્ટે કહ્યું કે, નિવેદનથી તેમના અભિમાની ચરિત્રનો ખ્યાલ આવે છે. તેનાથી શું ફેર પડે છે કે તેઓ કોઈ પાર્ટીના પ્રવક્તા છે. તેમને એવું લાગે છે કે, તેમની પાસે સત્તાની તાકાત છે અને તેઓ કાયદા વિરુદ્ધ કઈ પણ બોલી શકે છે.

વિવાદિત ડિબેટને દર્શાવતી ટીવી ચેનલ અને દિલ્હી પોલીસની પણ ઝાટકણી કાઢતા કોર્ટે કહ્યું કે, દિલ્હી પોલીસે શું કર્યું? અમને મોઢું ખોલવા માટે મજબૂર ના કરો. ટીવી ડિબેટ કયા વિષયની હતી? તેનાથી માત્ર એક એજન્ડા સેટ કરવામાં આવી રહ્યો છે. તેમણે આવો મુદ્દો કેમ પસંદ કર્યો, જેના પર કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે.

સુપ્રીમ કોર્ટઃ શું તમારા માટે અહીં રેડ કાર્પેટ હોવી જોઈએ. જ્યારે તમે કોઈ વ્યક્તિ સામે ફરિયાદ કરો છો ત્યારે તે વ્યક્તિની ધરપકડ કરી લેવામાં આવે છે. પરંતુ તમારી પ્રતિભાના કારણે તમને કોઈ અડવાની હિંમત પણ નથી કરતું. પયગંબર વિરુદ્ધ નૂપુર શર્માની ટીપ્પણી સસ્તા પ્રચાર, રાજકીય એજન્ડા અથવા અમુક ખોટી પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. આવા લોકો અન્ય ધર્મને સન્માન નથી આપતા.

સુપ્રીમ કોર્ટઃ નૂપુરને ધમકીઓ મળી રહી છે કે તેઓ પોતે સુરક્ષા માટે જોખમ છે? દેશમાં જે પણ કઈ થયું છે તેના માટે તેઓ જ જવાબદાર છે.

સુપ્રીમ કોર્ટઃ પેયંગબર વિરુદ્ધ નૂપુર શર્માની ટીપ્પણી સસ્તા પ્રચાર, રાજકિય એજન્ડા અથવા અમુક ખોટી પ્રવૃતિઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. આવા લોકો અન્ય ધર્મને સન્માન નથી આપતા.

સુપ્રીમ કોર્ટઃ અમે જોયું કે ચર્ચા દરમિયાન નૂપુરે કેવી ઉશ્કેરણીજનક વાત કરી છે, ત્યારપછી પણ તેઓ કહે છે કે, હું એખ વકિલ છું. આ શમરજનક વાત છે. નૂપુરે આખા દેશ સામે માફી માંગવી જોઈએ.

સુપ્રીમ કોર્ટઃ આ અરજી તમારુ અભિમાન દર્શાવે છે. તમે લોઅર કોર્ટની જગ્યાએ સીધા સુપ્રીમ કોર્ટ પહોંચી ગયા છો. આખા દેશની મેજિસ્ટ્રેટ કોર્ટ તમારા માટે નાની પડી ગઈ છે. કોર્ટની ઝાટકણી પછી નૂપુર શર્મા તરફથી રજૂ થયેલા વકીલ મનિંદર સિંહે કહ્યું કે, નૂપુર શર્માએ તેમના નિવેદન વિશે માફી માંગી લીધી છે અને તેમના શબ્દો પણ પરત લઈ લીધા છે. આ વિશે કોર્ટે કહ્યું કે, તેમણે ટીવી પર આખા દેશની સામે માફી માંગવી જોઈએ. તેની સાથે જ કોર્ટે નૂપુર વિરુદ્ધ દાખલ દરેક કેસ દિલ્હી ટ્રાન્સફર કરવાનો ઈનકાર કર્યો છે.દેશની વર્તમાન સ્થિતિ જોઈને ગુસ્સે થયેલ જસ્ટિસ કાંતે કહ્યું કે જો તે પાર્ટીના પ્રવક્તા હોય તો શું ભાજપના આ સસ્પેન્ડેડ નેતા નુપુર શર્મા માને છે કે તેમની પાસે સત્તાનું સમર્થન છે તો ગમે તેમ બફાટ કરી શકે ? કાયદો અને વ્યવસ્થા ને માન આપ્યા વિના કોઈપણ નિવેદન આપી શકે છે ?

જોકે આ અંગે દલીલ કરતા શર્માના વકીલે કહ્યું કે શર્મા દ્વારા કરવામાં આવેલ આ નિવેદન તેમના મંતવ્ય નથી. એક્કર દ્વારા પૂછવામાં આવેલ એક પ્રશ્નના જવાબમાં તેમણે આ નિવેદન આપ્યું હતુ. સામે પક્ષે જસ્ટિસ કાંતે આ પાયાવિહોણી દલીલ અંગે કહ્યું કે જો સવાલ જ પૂછવામાં આવ્યો છે તો પછી એ શોના હોસ્ટ સામે કેસ થવો જોઈતો હતો.સુપ્રિમ કોર્ટના કડક વલણ બાદ નુપુર શર્માના વકીલે સુપ્રિમ કોર્ટમાં તમામ કેસ એકત્ર કરવા માટેની અરજી પણ પરત ખેંચી છે. આટલા બધા કેસ છતા કોઈ કાર્યવાહી કેમ નથી થઈ તેમ સવાલ પૂછીને સુપ્રિમે પોલીસનો પણ ઉઘડો લીધો છે. બીજા સામે એફઆઈઆર થાય તો એને તરત પકડી લેવામાં આવે છે પણ તમારી ધરપકડ થતી નથી. આ દેખાડે છે કે તમારો પ્રભાવ કેટલો છે.

## વડોદરા પરણાવેલ દાહોદની યુવતિને સાસરીયાનએ મારઝુંડ અને ત્રાસ આપતાં સાસરીયા સામે ફરિયાદ

દાહોદ,

વડોદરા મુકામે લગ્ન કરાવેલ અને દાહોદ ખાતે પોતાના પિયરમાં આવી પહોંચેલ પરણિતાને તેના પતિ તથા સાસરીયાઓ દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપી, મારઝુડ કરતાં આ સંબંધે પરણિતાએ પોતાના પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ દાહોદ મુકામે પોતાના પિયરમાં આવી પોલીસમાં ફરિયાદ નોંધાંવ્યાંનું જાણવા મળે છે.

દાહોદમાં દેસાઈવાડા તળાવ ફળિયામાં પોતાના પિયરમાં આવી પહોંચેલ પરણિતા નંદીનીબેન મીલનકુમાર શાહના લગ્ન આજથી અગીયાર વર્ષ અગાઉ વડોદરા ખાતે જી ગ્રીન સોસાયટી, સયાંજીપુરા ખોડીયારનગર, ચાર રસ્તા, ન્યુ વીઆઈપી રોડ ખાતે રહેતાં સોહીલભાઈ રાજેશબાઈ શાહ સાથે સમાજના રીતી રિવાજ મુજબ થયાં હતાં. લગ્નના થોડા સમય સુધી પરણિતા નંદીદીનીબેનને પતિ સોહીલભાઈ તથા સાસરી પક્ષના રાજેશભાઈ દશરથભાઈ શાહ, ઉર્વશીબેન રાજેશભાઈ શાહ, શોભનભાઈ રાજેશભાઈ શાહ દ્વારા સારૂ રાખ્યાં બાદ પોત પ્રકાશ્યું હતું અને અવાર નવાર મેણા ટોણા મારી પતિ સોહીલભાઈ દ્વારા પરણિતાને શારીરીક અને માનસીક ત્રાસ આપી મારઝુડ કરી, તું મારા ઘરમાંથી નીકળી જા, હું બીજી બૈરી લાવવાનો છું, તેમ કહેતાં આ બાબતે પરણિતાએ પોતાના સાસરીપક્ષના ઉપરોક્ત લોકોને જણાવતાં તેઓ પણ પોતાના સોહીલભાઈનો સાથ આપી એકદમ ઉશ્કેરાઈ જઈ મારો છોકરો તેને મનફાવે તેમ કરશે, તું અમારા ઘરમાં જોઈતી જ નથી, તને છુટાછેડા આપી દેવાના છે, તેમ કહી અવાર નવાર પરણિતા નંદીનીબેનને શારિરિક અને માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતા નંદીનીબેનને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતાં નંદીનીબેન પોતાના પિયર દાહોદ મુકામે આવી પહોંચી પોતાના પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆ તાલુકાના ચંદ્રોઈ નદી ચોમાસામાં સુકાઈ જવાને આરે

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના મોટીઝરી અને નાનીઝરી ગામ વચ્ચેથી પસાર થતી ચંદ્રોઈ નદીના ચેકડેમમાં ઉનાળામાં પણ પાણી ભરપુર હતુ જયારે ચોમાસામાં નદી સુકાઈ જવાના આરે દેખાઈ રહી છે. આ નદીમાં બારેમાસ પાણી રહેતુ હોય ઢોર અને સિંચાઈ માટે જીવાદોરી સમાન ગણાતી હતી. આ નદી ઉપર બંને ગામના ખેડુતોને ઈરીગેશન યોજના મારફતે ખેડુતોના ખેતરમાં શિયાળામાં પાણી પહોંચાડી ખેતી અને શાકભાજી કરવામાં આવે છે. પુર્વ રાજયમંત્રી બચુભાઈ ખાબડે આશરે અડધા કરોડ ઉપરાંતનો ચેકડેમ પણ બનાવડાવ્યો હતો. જે ચેકડેમના લીધે આજુબાજુના ૫૫ એકર જેટલી જમીનમાં સિંચાઈ કરી શકાય, પરંતુ ચાલુ સાલે ચોમાસુ સત્રમાં તાલુકામાં વરસાદના સામાન્ય ઝાપટામાં માંડ માંડ મકાઈ, અડદ જેવા પાકોનુ વાવેતર થયુ છે. નહિવત વરસાદના લીધે ડાંગર જેવા પાકો માટે હજુ મોટી તકલીફ છે. આ વિસ્તારમાં નદી–નાળા, કોતર, તળાવ અને કુવાઓના નવા પાણીની આવક થઈ નથી. જેને લીધે ખેડુતો ચિંતામાં પડયા છે. ચોમાસાનો વરસાદ દે.બારીઆ વિસ્તારમાં નહિવત હોય વાવણી કરેલા પાકો નિષ્ફળ જાય તેવી પણ શકયતા જણાય છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.263

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

## શહેરામાં શિવમ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગના સંચાલકે

# ૧૭ વિદ્યાર્થીઓની ફીની પહોંચ અને પરીક્ષામાં ન બેસવા દેવાતા મામલો પોલીસ મથકે પહોંચ્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા





શહેરા,

શહેરામાં આવેલી શિવશકિત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શિવમ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ એન્ડ પેરામેડીકલ સાયન્સના સંચાલક સામે ૧૭ જેટલા નર્સિંગના વિદ્યાર્થીઓનો ફી ની પહોંચ ન આપવા બાબતે તેમજ પરીક્ષા ન આપવા દેવાના આક્ષેપ બાદ ઉગ્ર બોલાચાલી અને પોતે ઠગાયા હોવાની લાગણી બાદ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. પોલીસ દ્વારા આ મામલે તપાસ હાથ ધરવામાં આવવા સાથે શિવમ નર્સિંગના સંચાલક વિરૂદ્ધ રાત્રી એ ફરિયાદ નોંધાય તેવી શક્યતા જોવાઈ રહી હતી.

આજથી ૧૦ વર્ષ પહેલાં વર્ષ ૨૦૧૨માં શહેરા નગરના અણિયાદ ચોકડી વિસ્તારમાં શિવશકિત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શિવમ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ એન્ડ પેરામેડીકલ સાયન્સની સ્થાપના દહેગામના વતની અને હાલ શહેરા ખાતે રહેતા મનુભાઈ પી.ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી. જેમાં નર્સિંગનો અભ્યાસ ચલાવવામાં આવતો હતો. આ નર્સિંગ કોલેજ ખાતે વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૧૭ વિદ્યાર્થીઓને નર્સિંગમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. જેમાં સૌપ્રથમ પ્રવેશ વખતે ૫ હજાર રૂપિયા ફી ભરી તે વખતે પહોંચ આપવામાં આવી હતી અને જાન્યુઆરી સુધીમાં ટુકડે-ટુકડે ફીના રૂપિયા ભરી કુલ ૫૦ હજાર ફી ભરવામાં આવી હતી અને ફી ભર્યાના અવેજમાં તે બાબતની કોઈ પહોંચ કે રસીદ સંચાલક દ્વારા આપવામાં આવી ન હતી. ૨૦૨૦માં ૧૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધા બાદ વર્ષ ૨૦૨૧નું આખું વર્ષ અભ્યાસ કર્યા બાદ કોઈ પરીક્ષા લેવામાં આવી ન હતી અને પરીક્ષા કેમ લીધી નથી, એવું પૂછતાં કોરોનાના કારણે પરીક્ષા લેવામાં આવી નથી અને બીજી કોઈ તારીખે પરીક્ષા લેવામાં આવશે એવા ખોટા વાયદા કરી વિદ્યાર્થીઓનું આખું એક વર્ષ બગાડી નાખી તેઓના ભવિષ્ય સાથે ચેડાં કર્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૨૨ના જાન્યુઆરી માસમાં ૧૭ વિદ્યાર્થીઓને લઈ તેઓ કર્ણાટક રાજ્યના બીડર ખાતે આવેલી અક્કા મહાદેવી સ્કૂલ ઓફ નર્સિંગમાં પરીક્ષા માટે લઈ ગયા હતા. નોંધનીય છે કે, કુલ પાંચ વિષયની પરીક્ષા લેવાતી હોય છે. ત્યારે સંચાલક મનુભાઈ ચૌહાણ પરીક્ષાર્થીઓને પરીક્ષાની તારીખે જ કર્ણાટક લઈ જતા તેઓ પહેલું પેપર ચુકી ગયા હતા અને ત્યારબાદ છેલ્લું પ્રશ્નપત્ર પણ આપી શક્યા ન હતા. પરીક્ષા આપ્યા બાદ વિદ્યાર્થીઓ દ્વારા છેલ્લાં પાંચ મહિનાથી પરિણામ અંગે પૂછવા જતા શિવમ નર્સિંગના સંચાલક મનુભાઈ દ્વારા તેઓ સાથે ઉદ્ધત વર્તન કરવામાં આવતું અને બિભસ્તગાળો પણ બોલતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આખરે ૧૭ વિદ્યાર્થીઓએ ૨૦મી જૂનના રોજ એક સાથે મળી પોતાના પરિણામ લેવા માટે નર્સિંગ કોલેજ પર જતાં સંચાલક મનું ચૌહાણે ૨૫મી જૂનના રોજ શિવમ નર્સિંગના લેટરપેડ પર તમે અહીંયા અભ્યાસ કરો છો એવું લખી આપવાની બાંહેધરી આપવામાં આવી હતી. આથી તમામ ૧૭ વિદ્યાર્થીઓ ૨૫મી જૂનની જગ્યાએ ૨૭મી જૂનના રોજ જતા સંચાલક દ્વારા ફરીથી તેઓ સાથે ઉદ્ધત વર્તન કરવામાં આવ્યું હતું. તેમજ મારવા માટે ઉભો થઈ ગયા હતા અને તમારાથી થાય તે કરી લેવાનું કહ્યું હોવાનું આક્ષેપ કર્યો હતો. આથી પોતાનું ભવિષ્ય બગડી ગયું છે અને પોતાની સાથે શિવમ નર્સિંગ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ એન્ડ પેરામેડીકલ સાયન્સના સંચાલક દ્વારા છેતરપિંડી કરવામાં આવી હોવાની વ્યથા અનુભવતા શુક્રવારના રોજ તમામ ૧૭ નર્સિંગના વિદ્યાર્થીઓએ ફરી એક વખત હલ્લાબોલ કર્યો હતો. ત્યારે સંચાલક મનુભાઈ ચૌહાણ દ્વારા ''ચોરી ઉપર સે સીનાજોરી'' એ મુજબ પોલીસને બોલાવી હતી, પરંતુ બંને બાજુની દલીલો સાંભળ્યા બાદ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો અને સમાચાર લખાઈ રહ્યા છે. તે વખતે પોલીસ દ્વારા રાત્રીએ વિદ્યાર્થીની ફરિયાદ લેવામાં આવે તેવી શક્યતા જોવાઈ રહી હતી.

> મેં શિવમ નર્સિંગ ઈન્સ્ટીટયુટમાં ફી પેટે ૫૦ હજાર રૂપિયા ભર્યા હતા અને ત્યારબાદ પરીક્ષા આપવા જવા માટે કર્ણાટક જવાનું હોવાથી બીજા પ્રવાસ ખર્ચના ૧૫ હજાર મળી કુલ ૬૫ હજાર રૂપિયા આપ્યા હતા અને ત્યાં જઈ ત્યાંના સત્તાધીશોએ જણાવ્યું હતું કે, તમારા નામનું એડમીશન જ થયું નથી. તો તમે પરીક્ષા આપી શકો નહીં આમ, મારા ભવિષ્ય સાથે બહુ મોટો ખીલવાડ સંચાલક દ્વારા કરવામાં આવ્યો છે.
> **બારીઆ નરેન્દ્રસિંહ વિક્રમસિંહ, ભોગ બનનાર નર્સિંગનો વિદ્યાર્થી..**

> શહેરા નગરમાં અણીયાદ ચોકડી પાસે આવેલ શિવમ નર્સિંગ કોલેજ માં જી.એન.એમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિક્ષણ અહીં અપાતું હતું. જ્યારે પરીક્ષા આપવા માટે બીજા રાજ્યમાં એટલે હજારો કિલોમીટર દૂર ખાનગી વાહનમાં કર્ણાટક રાજ્યમાં લઈ જવામા આવતા હોય ત્યારે આ સંસ્થા સામે અનેક સવાલો વાલીઓ માંથી પણ ઉઠવા પામ્યા હોય ત્યારે સબંધિત તંત્ર દ્વારા આ બાબતે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડા કર્યા હશે કે નહી તે બહાર આવી શકે તેમ છે.

> ઉલ્લેખનીય છે કે, શિવમ નર્સિંગના સંચાલક દ્વારા કુલ ૫૦ હજાર ફી પૈકીના પ્રવેશ વખતે ૫ હજાર રૂપિયા ફી પેટે લેવામાં આવ્યા તેની પહોંચ આપવામાં આવી હતી. પરંતુ ત્યારબાદ વિદ્યાર્થીઓએ બીજા ૪૫ હજાર ફીના પેટે ભર્યા તે બાબતની કોઈ પહોંચ કે રસીદ આપવામાં આવી ન હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું. તો શું બીજા રૂપિયા સંચાલક દ્વારા ચાઉં કરી જવામાં આવ્યા હશે ?

> શહેરા નગરમાં અણીયાદ ચોકડી પાસે આવેલ શિવમ નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતા ૧૭ જેટલા વિદ્યાર્થીઓ અને વાલીઓએ હોબાળો મચાવ્યો હતો. પોલીસની રૂબરૂમાં નર્સિંગ કોલેજના સંચાલક સમક્ષ વિદ્યાર્થીઓએ આક્રોશ સાથે ૨૦૨૦માં એડમીશન લીધેલ હતું અને પ્રથમ પરીક્ષા જાન્યુઆરી ૨૦૨૨માં કર્ણાટક રાજ્યના ચિંદ્રી બિદર લીધેલ પરીક્ષાનું પરિણામ નહિ મળતા અનેક વખત કહેવા છતાં ગોળ ગોળ ફેરવો છો તો અમારી એડમીશન ફી અને ડોક્યુમેન્ટ પરતની માંગ કરી હતી. જ્યારે સંચાલક દ્વારા પરીક્ષાનું પરિણામ આવી જશે તેવું રટણ શરૂ રાખ્યું હતું.

> શહેરા નગરમાં અણીયાદ ચોકડી પાસે આવેલ શિવમ નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતા ૧૭ જેટલા વિદ્યાર્થીઓનું જી.એન.એમ.નું શિક્ષણ જોખમમાં મુકાયું હતું. કેમ કે, આ નર્સિંગ કોલેજમાં અનેક આશા સાથે વિદ્યાર્થીઓએ ૨૦૨૦માં કોરોના કાળમાં એડમિશન લીધ્યા બાદ ૨૦૨૧માં પરીક્ષા આપવા ન મળી હતી. જ્યારે ૧૭ જાન્યુઆરી ૨૦૨૨ માં લેવાય પ્રથમ પરીક્ષાનું પ્રથમ પેપરમાં મોડુ પહોંચતા આપવા ન મળતા વિદ્યાર્થીઓ તે સમયે પણ ભારે ચિંતીત બન્યા હતા. પાંચ માંથી ત્રણ પેપર વિદ્યાર્થીઓ આપી શક્યા હતા. જ્યારે બે પેપર નહી આપી શકતા આ પરીક્ષામાં વિદ્યાર્થીઓને એટીકેટી પણ આવવાની હતી. જે રીતે વિદ્યાર્થીઓનો આક્રોશ આ નર્સિંગ કોલેજના સંચાલક સામે જોવા મળ્યો હોય ત્યારે વિદ્યાર્થીઓ ન્યાય માટે પોલીસ મથકનો દ્વાર ખખડાવ્યો હતો.

> નર્સિંગના તમામ વિદ્યાર્થીઓએ એકી સુરે જણાવ્યું હતું કે, જ્યારે અમો અમારા પરિણામ પત્રક લેવા માટે ગયા ત્યારે સંચાલક મનુભાઈ ચૌહાણ દ્વારા અમારી સાથે ઉદ્ધત વર્તન કરવામાં આવ્યું હતું અને બિભસ્તગાળો પણ બોલવામાં આવી હતી અને એક તબક્કે તેઓ મારવા માટે પણ ઉભા થઈ ગયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યા હતા.

## ગોધરા અમન પાર્ક સોસાયટી રહેતા ઘરફોડ ચોરી અને તાડપત્રી ગેંગના મુખ્ય આરોપીને મલાજખંડ પોલીસ મથક વિસ્તારની ચાંદીની ચોરીના મુદ્દામાલ સાથે LCBપોલીસે ઝડપ્યો



ગોધરા,

ગોધરા લીલેસરા રોડ અમન પાર્ક સોસાયટી એમ.પી.ના મલાજખંડ પોલીસ મથકના ઘરફોડ ચોરી અને તાડપત્રી ગેંગના મુખ્ય આરોપીને ઘરે ગોધરા એલ.સી.બી. પોલીસ અને મધ્યપ્રદેશ પોલીસે રેડ કરી આરોપીના ઘર માંથી ચોરીની ચાંદી ૨૬.૬૨૭ કિલો ગ્રામ અને ચોંરીમાં ઉપયોગ કરેલ ટ્રક મળી ૨૮,૦૦,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી આરોપી અને મુદ્દામાલ એમ.પી.પોલીસને સોંપવામાં આવ્યો.

વિસ્તૃત વિગતો મુજબ મધ્યપ્રદેશ બાલાઘારા જીલ્લાના મલાજખંડ પોલીસ મથક વિસ્તારમાં રહેતા પર્થી પવનકુમાર રમેશપ્રસાદ સોનીની પોની જ્વેલર્સની દુકાનમાં ૨૫ જુનના રાત્રીના સમયે દુકાનનું શટર તોડીને ચાંદીના જ્વેરાત ચોરીની ફરિયાદ પોલીસ મથકે નોંધાવા પામી હતી. આ બાબતે મલાજખંડ પોલીસે આ ઘરફોડ ચોરીમાં ગુજરાત ગોધરાના આરોપીની સંડોવણી હોય જેને લઈ એમ.પી. પોલીસ ગોધરા ખાતે એલ.સી.બી. પોલીસને આ બનાવની જાણ થતાં બાતમીદારો રોકીને તપાસ કરતાં ગોધરા લીલેસરા રોડ ઉપર અમનપાર્ક સોસાયટીમાં રહેતા ઉસ્માનગની મહંમદ કોરીવાલાની સંડોવણી હોય જેના આધારે એલ.સી.બી.પોલીસે મધ્યપ્રદેશ પોલીસ સાથે રાખીને આરોપીના ઘરે રેઈડ કરી ઘર માંથી ઘરફોડ ચોરીની ચાંદી ૨૬.૬૨૭ કિલો ગ્રામ કિંમત ૨૦,૦૦,૦૦૦/-રૂપીયા તેમજ ઘરફોડ ચોરીમાં ઉપયોગમાં લીધેલ કન્ટેનર ટ્રક નંબર જીજે.૧૭.એક્સએક્સ.૦૯૭૬ મળી રૂા.૨૮,૦૦,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડી મધ્યપ્રદેશ પોલીસને સોંપવામાં આવ્યો.

## પંચમહાલ જીલ્લામાં ગોધરા, હાલોલ અને કાલોલમાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા યોજાઈ







ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા, હાલોલ, કાલોલમાં અષાઢી બીજના દિવસે ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા નગરના રાજમાર્ગો ઉપર કાઢવામાં આવી. મોટી સંખ્યામાં ભાવિ ભક્તો રથયાત્રમાં ઉમટી પડ્યા શાંતિપૂર્ણ માહોલમાં રથયાત્રા પુરી કરાઈ.

પંચમહાલ જીલ્લાના ગોધરા નગરના રણછોડજી મંદિર ખાતેથી ભગવાન જગન્નાથજીની રથયાત્રા કાઢવામાં આવી. ભગવાન જગન્નાથની રથયાત્રા શહેરના રાજમાર્ગો ઉપર કાઢવામાં આવી. રથયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિભક્તો જોડાયા. રથયાત્રમાં જય રણછોડ માખણ ચોરના જયઘોષ સાથે મોડી સાંજે નગર ચર્યા બાદ નિજ મંદિર ખાતે પહોંચી હતી.

કાલોલ નગરમાં પહેલીવાર ભગવાન જગન્નાથજીની રથયાત્રાળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. ભગવાન જગન્નાથજીની રથયાત્રા નગરના મુખ્ય માર્ગો ઉપરથી કાઢવામાં આવી મોટી સંખ્યામાં ભાવિભક્તો જોડાયા હતા અને ભગવાન જગન્નાથજીની ભક્તિમાં લીન બન્યા.

હાલોલ નગર ખાતે પણ અષાઢી બીજના પર્વએ ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. ભગવાન જગન્નાથજી બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામ સાથે નગરના રાજમાર્ગો ઉપર નગરચર્યા એ નિકળ્યા બાદ નિજ મંદિર પહોંચ્યા ભાવિ ભક્તો ભગવાન જગન્નાથની ભક્તિમાં લીન બન્યા છે.

## રાષ્ટ્રીય ગોકુલ મિશન કાર્યક્રમ અંતર્ગત કૃત્રિમ બીજદાનની કામગીરી કરવા ઈચ્છુક ઉમેદવારો જોગ

ગોધરા,

સરકારના રાષ્ટ્રીય ગોકુલ મિશન કાર્યક્રમ અંતર્ગત ગોધરા તાલુકામાં-૪, શહેરા તાલુકામાં- ૪, મોરવા હડફ તાલુકામાં-૪, કાલોલ તાલુકામાં-૨, હાલોલ તાલુકામાં-૧, ઘોઘંબા તાલુકામાં-૪, જાંબુઘોડા તાલુકામાં-૧ મળીને પંચમહાલ જિલ્લામાં નિયત કરેલ કુલ ૨૦ મૈત્રી કેન્દ્રોની સ્થાપના કરવામાં આવનાર છે. જેથી પશુપાલનની કૃત્રિમ બીજદાન, રસીકરણ વગેરે કામગીરીમાં રસ ધરાવતા અને મૈત્રી કેન્દ્રો ખાતે કામગીરી કરવા માંગતા પંચમહાલ જિલ્લાના ધોરણ-૧૦ પાસ તથા ૧૮ વર્ષથી મોટી ઉંમરના સ્થાનિક બેરોજગાર ઉમેદવારો પાસેથી તા.૧૧/૦૭/૨૦૨૨ સુધીમાં અરજીઓ મંગાવવામાં આવે છે. આ યોજના હેઠળ પસંદ થયેલ ઉમેદવારોને સરકારની ગાઈડલાઈન અનુસાર ત્રણ માસની તાલીમ તથા જરૂરી સાધન સામગ્રી પુરી પાડવામાં આવશે, જે મેળવ્યા બાદ ઉમેદવારે પસંદ થયેલ કેન્દ્ર ખાતે કૃત્રિમ બીજદાન રસીકરણ વગેરેની કામગીરી કરવાની રહેશે. આ કેન્દ્રો સ્વરોજગારી હેઠળ ખોલવાના હોઈ, તે માટે કોઈ પગાર મળવાપાત્ર થશે નહી. સદર મૈત્રી કેન્દ્રોના ગામોની યાદી તથા તે બાબતે વધુ માહિતી મેળવવા અરજી ફોર્મનો નમુનો મેળવવા તથા ભરેલ અરજી ફોર્મ પરત જમા કરાવવા માટે જે તે સંબંધિત તાલુકા કક્ષાના પશુ દવાખાનાનો સંપર્ક કરવાનો રહેશે, તેમ નાયબ પશુપાલન નિયામક, જિલ્લા પંચાયત પંચમહાલ, ગોધરા એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## પંચમહાલ જિલ્લામાં નાણાં ધિરધાર કરનારાઓનાં નવી રજિસ્ટ્રેશન અને રીન્યુઅલની અરજીઓની કામગીરી ઓનલાઇન કરાઇ

ગોધરા,

ગુજરાત નાણાં ધિરધાર કરનાર બાબત અધિનિયમ-૨૦૧૧ અને નિયમો ૨૦૧૩ હેઠળ નોંધાયેલા શાહુકારો તેમજ સંબંધિત કામગીરી સાથે સંકળાયેલા તમામને જણાવવાનું કે, નામદાર ગુજરાત સરકારના ડીજીટલ ઈન્ડીયા અને પેપરલેસ વહીવટના ભાગ રૂપે મુખ્યમંત્રી દ્વારા તા.૯/૦૨/૨૦૨૨ ના રોજ રાજ્યમાં ગુજરાત નાણાંની ધિરધાર કરનાર બાબત અધિનિયમ-૨૦૧૧ તથા નિયમો-૨૦૧૩ને જોગવાઈઓનાં અમલ માટે E-COOPERATIVE PORTA લોન્ચ કરવામાં આવેલ છે. જે મુજબ પંચમહાલ જિલ્લામાં નાણાં ધિરધાર કરનારાઓના નવા રજિસ્ટ્રેશન તેમજ રીન્યુઅલની તમામ કામગીરી ઓનલાઇન કરવામાં આવી છે. જેથી હવેથી ઓનલાઈન રજિસ્ટ્રેશન માટેની તમામ અરજીઓ www. incooperative. gujarat. gov.in વેબસાઈટ પર કરવાની રહેશે.



શહેરા તાલુકા મથક ખાતે આવેલ ફોજદારી અદાલતના સરકારી વકીલની પેટલાદ ખાતે બદલી થતા વિદાય સમારોહ વકીલ મંડળ દ્વારા રાખવામાં આવ્યો હતો. વિદાય લેતા સરકારી વકીલને વકીલ મંડળ દ્વારા મરડેશ્વર મહાદેવ નો ફોટો, ફળ તેમજ સાલ ઓઢાડીને ભાવભરી વિદાય આપવામાં આવી હતી.

### લુણાવાડા નગરપાલિકા

### બીજો પ્રયત્ન જાહેર નિવિદા નં.૧૦૪૭.

આઈ.ડી.નં.૫૩૫૦૨૩

લુણાવાડા નગરપાલિકા દ્વારા નીચે જણાવેલ કામ માટે આ જાહેરખબરથી લાગતા વળગતા આ વ્યવસાય કરવા માન્ય રીતે નોંધાયેલા એજન્સીઓ પાસેથી બીજો પ્રયત્ન ઓનલાઈન ભાવ મંગાવવામાં આવે છે.

| ક્રમ નં. | કામનું નામ | ટેન્ડર ફી રૂ. |
|---|---|---|
| ૧ | Constructing and Operating of Under-ground Drainage Work including all Component in Lunawada Nagarpalika at Lunawada. | રૂ. ૧૫૦૦/- |

કામની વધુ વિગતો જાહેરાત પ્રસિધ્ધ થયે થી તા.૧૨/૦૭/૨૦૨૨ સુધી ઓનલાઈન ટેન્ડર ભરી શકશે. ટેન્ડરને સીલબંધ કવરમાં મોકલવાની છેલ્લી તા.૧૪/૦૭/૨૦૨૨ સુધીમાં નગરપાલિકા કચેરીને મળે તે રીતે ફક્ત R.P.A.D./SpeedPost થી મોકલવાના રહેશે. કોઈપણ ભાવપત્રક મંજૂર ના મંજૂર કે તમામ ભાવો ના મંજૂર કરવાની સત્તા નગરપાલિકાને અબાધિત રહેશે. વધુ માહિતી માટે નગરપાલિકા બાંધકામ શાખાનો સંપર્ક કરવો. શરતો લાગુ

(ભાવનાબેન જે.મહેતા)
પ્રમુખ
નગરપાલિકા લુણાવાડા

(દિપસિંહ હઠીલા)
ઈ.ચા.ચીફ ઓફીસર
નગરપાલિકા લુણાવાડા

તા.૩૦/૦૬/૨૦૨૨

માહિતી/ગોધરા/૨૯૬/૨૦૨૨

### ઓનલાઈન ટેન્ડરની બીજો પ્રયત્ન જાહેર નિવિદા
### લુણાવાડા નગરપાલીકા, લુણાવાડા, જી.મહિસાગર

જા.નં.૧૦૩૫
તારીખ ૧૯/૦૬/૨૦૨૨

ટેન્ડર આઈ.ડી.નં.૫૩૪૮૪૦

આથી લુણાવાડા નગરપાલીકામાં સરકારશ્રી દ્વારા મંજુર થયેલ લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં વિવિધ સ્થળો માટે સી સી રોડ અને ડામર રોડ માટે આઈટમ રેટ ટેન્ડર કામગીરી માટે (બીજો પ્રયત્ન) ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. અન્ય ટેન્ડરની વિગત ઓનલાઈન www.nprocure.com પર જોઈ શકાશે.

| | |
|---|---|
| ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૦૮/૦૭/૨૦૨૨ ના ૧૮:૦૦ કલાક સુધી |
| ફિઝિકલ બિડ સબમીશનની છેલ્લી તારીખ | ૧૩/૦૭/૨૦૨૨ ના ૧૬:૦૦ કલાક સુધી |
| ટેકનીકલ બિડ ખોલવાની છેલ્લી તારીખ | ૧૪/૦૭/૨૦૨૨ ના ૧૨:૦૦ કલાકના રોજ |

ઉપરોક્ત કામોના ટેન્ડર સ્વિકારવા અંગે તમામ હક્ક અધિકાર નગરપાલીકાને અબાધીત રહેશે.

(દિપસિંહ હઠીલા)
ઈ.ચા.ચીફ ઓફિસર
લુણાવાડા નગરપાલીકા

(ભાવનાબેન જે.મહેતા)
પ્રમુખ
લુણાવાડા નગરપાલીકા

માહિતી/ગોધરા/૨૯૦/૨૦૨૨

### ઓન લાઈન ટેન્ડરીંગ
### જાહેર નિવિદા નં.૧૦, સને.૨૦૨૨-૨૩

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા×મ વિભાગ, જિલ્લા પંચાયત ભવન જિલ્લા સેવા સદનની બાજુમાં, મહીસાગર લુણાવાડા ફોન નં.૦૨૬૭૪-૨૫૨૧૨૩ દ્વારા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી મકાન તથા સીડી વર્કસ કામના રૂા.૧૫.૦૦ લાખથી રૂા.૩૯.૦૦ સુધીની કિંમતના ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો http://rnb.nprocure.com. વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.com ઉપર જોવા મળશે.

ટેન્ડર ઓપનીંગની છેલ્લી તારીખથી રજી.પો.એ.ડી. થી દિન-૭ માં અસલમાં ડીમાન્ડ ડ્રાફટ/એફ.ડી.આર. કાર્યપાલક ઈજનેરશ્રી, મહિસાગરને રજુ કરવાના રહેશે.

**ઈટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ઓન લાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા.૧૫/૦૭/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી. |
| ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન) | તા.૧૬/૦૭/૨૦૨૨ સમય ૧૨.૦૦ |

કાર્યપાલક ઈજનેર
પંચાયત મા×મ વિભાગ,
લુણાવાડા, જી.મહીસાગર

માહિતી/ગોધરા/૨૮૮/૨૦૨૨

### ઓન લાઈન ટેન્ડરીંગ
### માર્ગ અને મકાન વિભાગ
### જાહેર નિવિદા-૧૬ સને:૨૦૨૨-૨૩ (બીજી વખત)
### ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા-૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં.(૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસે વિવિધ રસ્તાઓનાં ચાર કામો અને મકાનોની મરામતનાં ત્રણ કામો માટે ઓન લાઈન ટેન્ડરો, બી-૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે જેની અંદાજીત કિંમત રૂા.૩.૨૭ લાખ થી ૧૭.૭૯ લાખ વચ્ચેની છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ https://rnb.nprocure.com પર તા.૧૫.૭.૨૦૨૨, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. અને તા.૧૫.૭.૨૦૨૨, ૧૮:૦૦ કલાક સુધી ઓન લાઈન ભરવાના રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના સમય દરમ્યાન સંપર્ક સાંધવા વિનંતી છે.

માહિતી/ગોધરા/૨૯૧/૨૦૨૨